**આજનો સુવિચાર**

સામે વાળા વ્યકિતને તેની ભૂલોનું ભાન કરાવવાની પધ્ધતિનું નામ છે ચર્ચા

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૦૫ જૂનાગઢ તા.૨૦-૪-૨૦૨૩ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 105, Junagadh : Date : 20 April, 2023, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

## સુરત સેશન્સ કોર્ટે રાહુલ ગાંધીની બે વર્ષની સજા યથાવત રાખી : હાઈકોર્ટમાં અપીલ કરશે



સુરત તા. ૨૦

રાહુલ ગાંધી માનહાનિ કેસમાં આજે ચુકાદો આવ્યો છે. રાહુલ ગાંધી દ્વારા મોદી અટકને લઈને જે નિવેદન આપવામાંઆવ્યું હતું તેની સામે સુરતના ધારાસભ્ય પૂર્ણેશ મોદી દ્વારા માનહાનિનો કેસ કરવામાં આવ્યો હતો. આ કેસમાં રાહુલ ગાંધીને સુરત કોર્ટે બે વર્ષની સજા ફટકારી હતી, તેમજ તેમનું સંસદ પદ પણ રદ કરવામાં આવ્યું હતું. રાહુલ ગાંધીને નીચલી કોર્ટે જે સજા ફટકારી છે, તેને મોકૂફ રાખવા માટે અપીલ કરી હતી. જે અપીલનો આજે ચુકાદો આવ્યો છે. જેમાં એડિશનલ સેશન્સ કોર્ટના જજે કહ્યું કે, 'સ્ટે ઓફ કન્વિક્શનની અપીલ ડીસમીસ', જ્યારે બચાવપક્ષના વકીલે કહ્યું હતું કે, હવે અમે હાઈકોર્ટમાં અપીલ કરીશું. માનહાનિ કેસમાં રાહુલ ગાંધીને દોષિત યથાવત રખાયા છે. સેશન્સ કોર્ટ દ્વારા રાહુલ ગાંધીની અરજી રદ કરવામાં આવી છે. આ અરજી રદ કરવામાં આવી છે ત્યારે રાહુલ ગાંધી હાઈકોર્ટ જઈ શકે છે. હવે રાહુલ ગાંધી પાસે હાઈકોર્ટ જવાનો વિકલ્પ છે. આમ, રાહુલ ગાંધીની મુશ્કેલીઓમાં વધારો થઈ શકે છે. ઉલ્લેખનીય છે કે, રાહુલ ગાંધીએ સેશન્સ કોર્ટમાં તેમની સજા પર સ્ટે લાવવા માટે અરજી કરી હતી.

કોંગ્રેસ દ્વારા જણાવાયું છે કે, ચુકાદા પર સ્ટે ગ્રાન્ટ નથી કર્યો. અમે હવે હાઈકોર્ટમાં સ્ટેની માંગણી કરશે. હાઈકોર્ટ આ અરજી સ્વીકારશે તેવી અમારી લાગણી છે. અમને કાયદા પર વિશ્વાસ છે. સુરત શહેર કોંગ્રેસ પ્રમુખે જણાવ્યું કે, કોર્ટનો ચુકાદો આવી ગયો છે, ન્યાયનો રસ્તો આગળ ખુલ્લો છે, તેથી અમે આગળ ન્યાય માટે લડીશું. આવતીકાલે અમે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરીશું. ત્યારે આવતીકાલે રાહુલ ગાંધી ફરી ગુજરાત આવે તેવી શક્યતા છે.

અગાઉ ચીફ જુડિશિયલ મેજિસ્ટ્રેટ દ્વારા આ કેસમાં રાહુલ ગાંધીને દોષી ઠરાવવામાં આવ્યા હતા, જેને પડકારતી અરજી રાહુલ ગાંધી તરફથી સેશન્સ કોર્ટમાં કરાઈ હતી. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી સામે ભાજપના ધારાસભ્ય પૂર્ણશ મોદીએ માનહાનીનો કેસ કર્યો હતો. સુરતના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટમાં આ કેસ ચાર વર્ષ સુધી ચાલ્યો હતો અને આખરે કોર્ટે રાહુલ ગાંધીને દોષિત જાહેર કરી બે વર્ષની સજા કરી હતી. આ કેસમાં રાહુલ ગાંધીએ કસૂરવાર પર સ્ટેની અરજી (સસ્પેન્શન ઓફ કન્વીકશન) કરી હતી ત્યારે અગાઉ આ કેસમાં ૧૩ એપ્રિલના રોજ બંને પક્ષની દલીલો પણ થઈ હતી. સુપ્રીમ કોર્ટના વકીલ આર.એસ ચીના રાહુલ ગાંધી તરફથી દલીલો કરવા સુરત પહોંચ્યા હતા. પૂર્ણશ મોદી અને રાહુલ ગાંધીના વકીલો દ્વારા આશરે ૬ કલાક સુધી દલીલો કરવામાં આવી હતી.

## નરોડા ગામ હત્યાકાંડ કેસમાં આજે બપોરે સ્પેશ્યલ કોર્ટ ચુકાદો આપશે : ભારે ઉત્તેજના

અમદાવાદ તા. ૨૦

નરોડા ગામ હત્યાકાંડ કેસમાં સ્પેશિયલ કોર્ટ આજે બપોર બાદ ચુકાદો આવશે. બચાવ પક્ષના વકીલ રાજેશ મોદીએ ચુકાદો બપોર પછી ૩ વાગ્યે આવશે તેવું જણાવ્યું છે. નરોડા ગામ હત્યાકાંડમાં ૧૧ લોકોના મોત થયા હતા. માયા કોડનાની અને જયદીપ પટેલ કોર્ટ પહોંચ્યા છે. તેમજ અન્ય આરોપીઓને કોર્ટમાં લઈ જવાયા છે, કોર્ટ બહાર પોલીસનો જડબેસલાક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે, જો કે, મીડિયાને કોર્ટની અંદર પ્રવેશવા પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. કોર્ટમાં આઈકાર્ડ વગર કોઈને અંદર પ્રવેશ આપવામાં આવી રહ્યો નથી. સેશન્સ કોર્ટ ફૂલ થઈ ગઈ છે. થોડીવારમાં જજ સુભદ્રા બક્ષી કોર્ટરૂમમાં પહોંચીને સુનાવણી શરૂ કરશે.

ગોધરાકાંડ બાદ વર્ષ ૨૦૦૨ના રમખાણોમાં નરોડા ગામ હત્યાકાંડ મામલે સુપ્રિમ કોર્ટ રચિત ખાસ સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ દ્વારા કોર્ટમાં કેસની અંતિમ દલીલો પૂર્ણ થઈ ચૂકી છે. નરોડા ગામ હત્યાકાંડ કેસમાં પોલીસે જે-તે સમયે ૭૦થી વધુ લોકોની ધરપકડ કરી હતી. જેમાં પૂર્વમંત્રી માયા કોડાનાની સહિત ૬૯ આરોપી સામે સ્પેશિયલ કોર્ટ આજે ચુકાદો સંભળાવશે.

૨૭ ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ ગુજરાતના ગોધરા ખાતે સાબરમતી એક્સપ્રેસમાં અયોધ્યાથી પરત ફરી રહેલા કારસેવકોના ડબ્બામાં પેટ્રોલ નાખીને તેમને જીવતા સળગાવી નાખવામાં આવ્યા હતા. તેના પ્રત્યાઘાતરૂપે ૨૮ ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ ગુજરાતમાં બંધનું એલાન આપવામાં આવ્યું હતું. આ દરમ્મિયાન અમદાવાદ શહેરસહિત સમગ્ર ગુજરાતમાં કોમી તોફાનો ફાટી નીકળ્યા હતા. આ તોફાનોમાં ૨૮ ફેબ્રુઆરીના રોજ નરોડા ગામમાં ૧૧ લોકોને ઘરમાં અને બહાર જીવતા સળગાવી નાખવામાં આવ્યા હોવાનો આરોપ છે.

## યમનનાં પાટનગર સનામાં સહાય લેવા ઉમટેલી ભીડમાં ભારે નાસભાગ સર્જાતા ૮૫નાં મોત

સના તા. ૨૦

યમનના પાટનગર સનામાં ગઈકાલે રમઝાન નિમિતે ગરીબ પરિવારોને નાણાકીય સહાય તથા ભોજનની ચીજોઆપવા માટેનાએક આયોજન સમયે ધકકામુકકી અને ભાગદોડમાં ૮૫ લોકોના મોત થયા હતા અને ૧૦૦થી વધુ ગંભીર રીતે ઘાયલ થયા છે જયાંઅનેકનીહાલત અત્યંત ગંભીર છે.

ઈદના તહેવાર પુર્વે અહી ગઈકાલે સાંજે ગરીબોને મદદ કરવા માટેના એક ચેરીટી આયોજન સમયે આ ઘટના બની હતી ભારે ભીડ સર્જાતા અને ધકકામુકકી થતા અહી તૈનાત આર્મી જવાનોએ ભીડને કાબુમાંલેવા માટે હવામાંગોળીબાર કરતા સ્થિતિ વધુ વણસી હતી અને લોકો તેમના પર ગોળીબાર થશે તેવા ભયે નાસભાગ શરૂ કરતા સેંકડો લોકો કચડાયા હતા અને ભારે ભીડે ધકકામુકકી કરતા વિજ થાંભલા પણ તૂટી પડતા જીવતા વિજવાયર લોકો પર પડયા અને ટ્રાન્સફોર્મરમાં ધડાકા થતા લોકોમાં ભારે ગભરાટ ફેલાઈ ગયો હતો.

જયાં બાળકો-મહિલાઓ સૌથી વધુ કચડાઈ મર્યા છે. થોડી મીનીટોમાં જ મેદાનમાં ફક્ત લાશો અને ઉહકારા ભરતા લોકો જ નજરે ચડતા હતા. શહેરના જૂના ગીચ વિસ્તારમાં આ સ્થિતિ બની રહી છે. પ્રત્યેકને ડોલરની મદદ આપવામાં ખાદ્ય ચીજોની કીટ આપવા માટે જાહેરાત થઈ હતી. યમનનું આ પાટનગર ઈરાનના પીઠબળવાળા હૌથી જૂથના કબજામાં છે જેના શાસકે મૃતકના પરિવારને ૨૦૦૦ ડોલર તથા ઈજાગ્રસ્તને ૪૦૦ ડોલરની મદદની જાહેરાત કરી છે.

## વૈશ્વિક બેન્કીંગ સંકટ વચ્ચે પણ ભારતીય બેંકોનું 'ટનાટન' પ્રદર્શન

નવી દિલ્હી,તા.૨૦

તાજેતરના મહિનાઓમાં, સિલિકોન વેલી બેંક ઓફ અમેરિકા અને સિગ્નેચર બેંક પડી ભાંગી છે. યુરોપમાં પણ, ક્રેડિટ સુઈસ બેંક પતનની આરે હતી, જેને સ્વિસ સરકારે બચાવી હતી અને અન્ય બેંક **UBS** સાથે મર્જ કરી હતી. આ બેંકોના ડૂબવાના કારણે વિશ્વમાં વૈશ્વિક અસ્થિરતાનું જોખમ ફરી એકવાર વધી ગયું છે અને તેની અસર વિશ્વની અન્ય બેંકો પર પણ જોવા મળી રહી છે. પરંતુ આ વૈશ્વિક અસ્થિરતાની ભારતીય બેંકો પર કોઈ અસર દેખાઈ રહી નથી, બલ્કે ભારતીય બેંકો ઝડપથી વિકાસ કરી રહી છે અને લોનની સાથે ડિપોઝીટ પણ વધી રહી છે. હાલમાં ભારત અમેરિકા, ચીન, જાપાન અને જર્મની પછી વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. **IMF** દ્વારા અનુમાન લગાવવામાં આવ્યું છે કે ૨૦૨૩માં ભારતનું અર્થતંત્ર ૫.૯ ટકા, ચીનનું અર્થતંત્ર ૫.૨ ટકા, અમેરિકાનું અર્થતંત્ર ૧.૬ ટકા, જાપાનનું અર્થતંત્ર ૧.૩ ટકા અને જર્મનીનું અર્થતંત્ર -૦.૧ ટકાના દરે વૃદ્ધિ પામી શકે છે. એટલે કે વિશ્વની મોટી અર્થવ્યવસ્થાઓમાં ભારત સૌથી ઝડપી વિકાસ કરી રહ્યું છે. જેના કારણે ધંધો વધી રહ્યો છે.

કોરોના બાદ વિશ્વના લગભગ તમામદેશોમોંઘવારીનો સામનોકરી રહ્યા છે. જેના કારણે વિશ્વની તમામ કેન્દ્રીય બેંકો દ્વારા વ્યાજ દરોમાં ઝડપથી વધારો કરવામાં આવ્યો છે. જેના કારણે વિશ્વમાં મંદીનો ખતરો ઉભો થયો છે. એક રિપોર્ટ અનુસાર, ૨૦૨૩માંમંદીની સંભાવના યુકેમાં ૭૫ ટકા, યુએસમાં ૬૫ ટકા, જર્મનીમાં ૬૦ ટકા, જાપાનમાં ૩૫ ટકા, ચીનમાં ૧૨.૫ ટકા છે, પરંતુ ભારતના કિસ્સામાં આ સંભાવના શૂન્ય છે.

રીઝર્વ બેંક દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ભારતની લોન ગ્રોથ ૧૪.૬ ટકા રહી છે. ૨૦૧૧-૧૨ પછી મોટાભાગની બેંક લોન વૃદ્ધિનું આ સર્વોચ્ચ સ્તર છે. તે દરમિયાન લોન ગ્રોથ ૧૭ ટકા હતો. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં બેંક ડિપોઝિટ ગ્રોથ ૯.૬ ટકા હતી.

## મીઝોરમ ભારતનું સૌથી સુખી રાજ્ય

નવી દિલ્હી.તા.૨૦

ભારતમાં આટલા બધા રાજ્યો છે તો તેમાં સૌથી વધુ ખુશ રાજ્ય ક્યું હશે? આ વિષયને લઈને જ એમડીઆઈના પ્રોફેસર રાજેશ કે. પિલાનિયાએ એક સ્ટડી કરી હતી જેમાં સામે આવ્યું કે ભારતનું મિઝોરમ રાજ્ય સૌથી વધુ ખુશ છે.

જેમાં તેમણે હેપી રાજ્ય માટે ૬ ધોરણો નક્કી કર્યા હતા. આ અભ્યાસ રાજ્યમાં પારિવારિક સંબંધોના સંતુલન, સામાજિક અને કાર્ય સંબંધિત મુદ્દાઓ, ધાર્મિક સંવાદિતા, કોવિડની અસર, સમૃદ્ધિ, પરોપકાર, શારીરિક-માનસિક સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો છે.

મિઝોરમની ગણતરી આર્થિક રીતે થોડા નબળા રાજ્યોમાં થાય છે, પરંતુ સાક્ષરતાની દ્રષ્ટિએ આ રાજ્ય બીજા ઘણા મોટા રાજ્યોને પાછળ છોડી રહ્યું હોય તેવું લાગે છે. અહીં સાક્ષરતા દર ૯૧.૩ ટકા છે, જે ભારતમાં સૌથી વધુ હોવાનું કહેવાય છે. તાજેતરનો અભ્યાસ સૂચવે છે કે મુશ્કેલ સંજોગોમાં આટલો ઊંચો સાક્ષરતા દર વધુ સારો છે કારણ કે તે રાજ્યમાં વિકાસની વધુ તકો પૂરી પાડે છે

## ગુજરાત સરકાર હવે સ્થાનિક ઉત્પાદનોની જ ખરીદી કરશે : વોકલ ફોર લોકલ

અમદાવાદ તા. ૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આત્મનિર્ભરભારતઅને વોકલ ફોર લોકલના ખ્યાલને આગળ વધારવા ગુજરાત સરકાર હવે તેની આવશ્યકતાની ખરીદીમાં પણ 'લોકલ' બની રહી છે.

રાજય સરકાર આ માટે એક ખાસ પોલીસી લઈને આવી રહી છે. દેશમાં જ ઉત્પાદીત અને પુર્વ રીતે સ્વદેશી ઉત્પાદનને મહત્વ આપવા ગુજરાત આ પ્રકારની પોલીસી લાવનાર દેશનું પ્રથમ વખત રાજય બની રહેશે.

રાજય સરકાર દર વર્ષે તેની આવશ્યકતા મુજબ દર વર્ષે રૂા.૧ લાખ કરોડના ઉત્પાદનો અને અન્ય આવશ્યકતા ખરીદે છે. જેમાં હવે 'લોકલ' ને જ પ્રાથમીકતા અપાશે. રાજ્ય સરકાર ૭ વર્ષનાસમયગાળા બાદ તેની નવી પરચેઝ-પોલીસી લાવી રહી છે. સરકાર હેવી ઈકવીપમેન્ટની સ્ટેશનરી સુધીની ખરીદીમાં આ નવી નીતિ લાવી રહી છે અને આ ખરીદીમાં સરકાર એમએસએમઈને પ્રાથીમકતા આપશે જે ભારતમાં રોજગારી સર્જનનું સૌથી મોટું માધ્યમ બની ગયું છે. જો ભારતમાં ઉત્પાદીત ચીજો વિલંબ ન હોય તો તે વિદેશી કંપનીઓ સાથે કરાર થશે

જે સ્થાનિક ભારતીય કંપની કે કોઈ ઉપયોગ સાથે જોડાયેલી હોય તે જરૂરી છે અથવા તો તેનું ઉત્પાદન લાયસન્સ હેઠળ વિદેશ કંપની ભારતમાં કરતી હોય તે પણ જરૂરી રહેશે. ઉપરાંત જે દેશો ભારતની કંપનીઓને તેના ઉત્પાદન સરકારી ખરીદીમાં સમાવાતાનથી તે દેશોની કંપનીઓને પણ બ્લેક લીસ્ટેડ કરવામાં આવશે. જો કે આ નવી પરચેઝ પોલીસીમાં ટેન્ડર કે સિકયોરીટી ડિપોઝીટના જે નિયમો છે તેમાં કોઈ ફેરફાર કરાશે નહી. જો કે સ્ટાર્ટઅપ કંપનીઓને લઘુતમ ટર્નઓવર વિગેરેમાંથી મુક્તિ અપાશે.

**હરસ, ભગંદર, ફીશરની**
ગુજરાતમાં સૌપ્રથમ અમેરીકન હાર્મોનિક શ્રેક્સ, લેસર-HAL-IRC
દાખલ થયા વિના સારવાર
**ડૉ. વેકરીયા - પાઈલ્સ હોસ્પિટલ**

**લોન... લોન... લોન...**
ગૃહિણી (લેડીસ) ને જો ઘરનું મકાન હોય તો ૨૫૦૦૦ સુધી ની લોન મળશે લોન લેવા માટે ૧૯ વર્ષ હોવા જરૂરી છે
લોન લેનાર દરેક વ્યક્તિને સેમસંગનો મોબાઈલ ફ્રી આપવામાં આવશે
મો. ૮૧૫૫૮૮૩૯૩૮

આપણા સોરઠનાં સમાજસેવી ડોકટર દ્વારા નવપ્રસ્થાન
**ડિવાઈન હોસ્પિટલ**
ડો. નિમિષ જે. હિંગરાજીયા
ડો. મોહસીન આર. ઝુલાણીયા
હોસ્પિટલમાં ઉપલબ્ધ સુવિધાઓ
● ટીબીનું નિદાન તથા સારવાર
● ફેફસાના રોગોનું નિદાન તથા સારવાર
● શ્વસનતંત્રનાં રોગોનું નિદાન તથા સારવાર
● મેલેરીયા, ડેન્ગ્યુ, ચીકનગુનીયા, કોરોના, સ્વાઈન ફ્લુ, તાવના રોગોનું નિદાન તથા સારવાર
● ડાયાબીટીસ, બી.પી., થાઈરોઈડના રોગોની સારવાર
● હૃદયરોગોની સારવાર
● પેરાલીસીસ, તાણ, આચકી,
● મગજના રોગોની સારવાર
● આઈસીયુ વિભાગ
● પેથોલોજી લેબોરેટરી
● ડીઝીટલ એક્સ-રેની સુવિધા
● મેડીકલ સ્ટોરની સુવિધા
● PFT તથા EGC ની સુવિધા
સંપર્ક કરો
૯૮૨૪૪ ૩૭૮૧૩ | ૬૩૫૯૯ ૩૭૮૧૩
ગોલ્ડન ટ્રેડ સેન્ટર, ૩જો માળ, ઝાંઝરડા ચોકડી, મહાપુજા ઓફીસ સામે, જૂનાગઢ

Mahasagar TRAVELS LTD.
શુભ લગ્ન પ્રસંગ, સ્કુલ પ્રવાસ, યાત્રા માટે સ્પેશિયલ મહાસાગર લકઝરીયસ બસની સુવિધા
આજે જ બુકિંગ કરો
FOR INQUIRY:
Ahmedabad : +91 81416 51000
Rajkot : +91 97249 64700
Junagadh : +91 81289 85006

**ચાલો વિમાન દ્વારા પ્રિમીયમ એર પેકેજ**
અમદાવાદ થી જતા-આવતા એર ટિકિટ
સ્ટાર કેટેગરી હોટલ • સ્વાદિષ્ટ ભોજન • સાઈટસીન
સિમલા-મનાલી-ડેલહાઉસી અમૃતસર-ખજીયાર-વાઘા બોર્ડર — By Air 27000 Day-6, 35000 Day-9
કેરાલા-મુન્નાર-થેકડી ક.કુમારી-એલપ્પી-કોવાલમ — અમદાવાદ થી કોચીન જતા-આવતા એર ટિકિટ 35000 Day-8
નૈનિતાલ કોર્બેટ-મસુરી-હરિદ્વાર • કાશ્મીર શ્રીનગર-વૈ. દેવી • GOA 3 Night Resort
બેંગ્લોર-ઉટી-મૈસુર-કુર્ગ • દાર્જીલીંગ-સિક્કીમ • ચારધામયાત્રા
શિવ ટ્રાવેલ્સ લીમડા ચોક રાજકોટ 93746 31854
અમદાવાદ ઓફિસ : 90163 60563

ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક
**NIT® ટેકનીકલ કોલેજ**
સર્ટીફીકેટ કોર્ષ
● ૧૦૦% પ્રેકટીકલ ● સરળ ભાષામાં થિયરી ● હોસ્ટેલ સુવિધા ● બસસ્ટેન્ડથી તદ્દન નજીક ● રેલ્વે સ્ટેશનથી નજીક ● ફ્રી ડેમો ટ્રાયલ
⇨ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
⇨ ચિપેડ વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
⇨ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
⇨ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો
Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com

**લકઝરીયસ ડુપ્લેક્ષ વેચવાનું છે**
અદ્યતન ફીક્સ ફર્નિચર સાથે ચાર મોટા બેડરૂમ, એક મોટો સીટીંગ રૂમ, મોટો ડ્રોઈંગ રૂમ, પુજા રૂમ, સ્પેશ્યલ કીચન કમ ડાઈનીંગ, સ્વતંત્ર બોર, ૯૦૦૦ લીટર ચોમાસાના પાણી ભૂગર્ભ ટાંકો, ૯ વર્ષનું તદ્દન નવું જ પાયાથી/ કોલમથી બાંધકામ, ૧૫૨ વાર જગ્યા, ૩૭ ૩૭ ફૂટનો ચોરસ પ્લોટવાળું ઉત્તરભીમુખ, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર વાળુ, આધ્યાત્મિકતા અને ઉર્જા સાથેનું ડુપ્લેક્ષ વેચવાનું છે.
મો. ૭૫૭૭૫૮ ૦૬૫૮૫

**ટાઉન હોલ ભાડે મેળવવા માટે સંપર્ક કરો**
વર્ધમાન ગ્રુપ દ્વારા સંચાલિત જૂનાગઢનાં સરદાર વલ્લભભાઈ પટેલ ચોકમાં આવેલ શામળદાસ ગાંધી ટાઉન હોલ, અદ્યતન સુવિધાથી સજ્જ ૬૫૦ સીટ ધરાવતું ટાઉનહોલ તથા કોન્ફરન્સ હોલમાં ૭૫ સીટની વ્યવસ્થા, આપના લગ્ન પ્રસંગો તેમજ બર્થ-ડે પાર્ટી, સેમીનાર, નાટયગૃહ માટે તદ્દન વ્યાજબી ભાવમાં ભાડે મળશે.
મો. ૯૮૨૫૬ ૧૧૩૦૧, ૮૧૬૦૬ ૭૯૮૨૧ ૮૨૦૦૬ ૯૫૦૩૩

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# રોજગારીનાં સર્જન સાથે પ્રતિસ્પર્ધા ક્ષમતામાં વધારો

રાજકીય પ્રતિબધ્ધતાની ઉણપ, ભ્રષ્ટાચાર, ભાઇ-ભત્રીજાવાદ, વીજળી-સડક જેવી મૂલભૂત સુવિધાઓની ઉણપ, લાયસન્સ-પરમીટ રાજ, આયાતકારોની મજબૂત લોબી જેવાં કારણોસર દેશ વિનિર્માણમાં પાછળ જ રહ્યો. ઉદારીકરણ-વૈશ્વીકરણના દોરમાં લાયસન્સ-પરમીટ રાજ ઓછું થવાથી આયાત ઝડપથી વધી. તેનું પરિણામ એ રહ્યું કે જે ઘરેલુ સામાન હજારો વર્ષોથી દેશમાં બની રહ્યા હતા, તેની પણ ચીનમાંથી આયાત થવા લાગી, દાખલા તરીકે ઝાડુ! ૨૦૧૪માં વડાપ્રધાન બન્યા બાદ નરેન્દ્ર મોદીએ સૌથી વધુ જોર ઘરેલુ વિનિર્માણ પર આપ્યું. તે અંતર્ગત સડક, વીજળી, બંદર, લોજિસ્ટિક સુવિધાઓને વિશ્વસ્તરીય બનાવવાની સાથે સાથે જૂના કાયદા બદલી નાખ્યા. ત્યારબાદ સરકારે રોકાણ વધારવા, આયાત ઘટાડવા અને ઘરેલુ વિનિર્માણને પ્રોત્સાહન આપવા માટે ૨૦૨૦માં ઉત્પાદન સાથે જોડાયેલી પ્રોત્સાહન યોજના (પીએલઆઇ) શરૂ કરી. તે અંતર્ગત ચિહ્નિત કંપનીઓએ ભારતમાં એક ન્યૂનતમ રકમનું રોકાણ કરવાનું હોય છે. તેમાં વિનિર્માણ ઉત્પાદનના ક્રમિક વેચાણ પર ત્રણથી પાંચ વર્ષ સુધી કંપનીઓને રોકડ પ્રોત્સાહન આપવામાં આવે છે. તેની પાછળ એ સંકલ્પના છે કે નવા રોકામની સાથે નવી ટેકનિક પણ આવશે અને વિશ્વસ્તરીય ઉત્પાદનોનું નિર્માણ થશે. તેનાથી ભારત વૈશ્વિક પૂરવઠા શૃંખલાનું અભિન્ન અંગ બનશે અને મોટા પાયે રોજગારના અવસરો પેદા થશે. સૌથી મોટી વાત એ છે કે ઘરેલુ વિનિર્માણને ઉત્તેજન મળવાથી દેશમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (એમએસએમઇ) સાથે પછાત ક્ષેત્રોનો પણ સંપર્ક સ્થાપિત થશે.

૨૦૨૦માં સરકારે પીએલઆઇ અંતર્ગત ૧૪ ઉદ્યોગો માટે ૧.૯૭ લાખ કરોડ રૂપિયા ફાળવ્યા, જે આગામી ત્રણ-પાંચ વર્ષોમાં જારી કરવામાં આવશે. જેમાં વાહન અને સ્પેર, સોલર પેનલ, ઇલેક્ટ્રોનિક ઉત્પાદન, દવા, વસ્ત્રો, ખાદ્ય ઉત્પાદન અને વિશિષ્ટ ઇસ્પાત સામેલ છે. સરકાર કેટલાય અન્ય ઉદ્યોગો માટે પણ પીએલઆઇ પર વિચાર કરી રહી છે. આ કડીમાં સરકારે હાલમાં જ રમકડાં અને સાયકલ ઉદ્યોગ માટે ૭૦૦૦ કરોડ રૂપિયાની પીએલઆઇ જાહેર કરી છે. પીએલઆઇ યોજનાના લાભ હવે દેખાવા લાગ્યા છે. એપ્રિલ ૨૦૨૨થી ફેબ્રુઆરી ૨૦૨૩ સુધીના ૧૧ મહિના દરમ્યાન ઇલેક્ટ્રોનિક્સ ક્ષેત્ર સૌથી ઝડપી નિકાસવાળા સેક્ટરની શ્રેણીમાં આવી ગયું. ઇલેક્ટ્રોનિક્સમાં આ ઝડપ મોબાઇલ ઉપકરણોની વધતી હિસ્સેદારીને કારણે આવી છે, જે વધીને ૩૭ ટકા થઇ ગઇ છે. આ દરમ્યાન ૭૮,૩૭૫ કરોડ રૂપિયાના મોબાઇલ ઉપકરણ નિકાસ કરવામાં આવ્યા, જે ગયા વર્ષની તુલનામાં બે ગણા વધારે છે. આ જ સફળતા એરકંડિશનર એટલે કે એસીના સ્તર પર મળી છે. ૨૦૧૯-૨૦ સુધી ભારત પોતાની જરૂરિયાતના ૮૫ ટકા એસી આયાત કરતું હતું, જેમાંથી મોટાભાગની આયાત ચીનથી થતું હતું. પીએલઆઇ અંતર્ગત ઘરેલુ વિનિર્માણને મળેલ પ્રોત્સાહનથી આજે એસીની આયાત ૧૫ ટકા જ રહી છે.

દવા ક્ષેત્રમાં પણ આવું જ છે. આજે દેશની જરૂરિયાતના ૮૫ ટકા એક્ટિવ ફાર્માસ્યુટિકલ ઇન્ગ્રેડિયન્ટ્સ (એપીઆઇ) એટલે કે કાચો માલ અને ૮૦ ટકા ચિકિત્સા ઉપકરણ ચીનથી આયાત થાય છે. તેને જોતાં સરકારે દવા ક્ષેત્ર માટે ૧૫,૦૦૦ કરોડ રૂપિયાની પીએલઆઇ જાહેર કરી છે. ૩૯,૬૦૦ મેગાવોટ ક્ષમતાના સૌર પીવી મોડ્યુલના વિનિર્માણ માટે ૧૧ કંપનીઓ સાથે સમજૂતી થઇ છે. વિશિષ્ટ ઇસ્પાત ઉત્પાદન માટે ૨૭ કંપનીઓ સાથે સહમતિ બની છે. સરકાર જલ્દી ડ્રોન માટે પીએલઆઇ જાહેર કરવા પર વિચાર કરી રહી છે.

ઇલેક્ટ્રોનિક્સ ક્ષેત્રમાં પીએલઆઇ યોજનાને મળેલી આશાતીત સફળતાને મોદી સરકાર વસ્ત્ર અને પરિધાન ઉદ્યોગમાં દોહરાવવાની યોજના પર કામ કરી રહી છે. તેનું કારણ છે કે વસ્ત્ર ઉદ્યોગમાં ન માત્ર રોજગારની ભરપૂર સંભાવના છે, બલ્કે કાચા માલનો પૂરવઠો પણ ઘરેલુ સ્તરથી જ થઇ જાય છે. જ્યાં એક કરોડ રૂપિયાના રોકાણ પર અન્ય ઉદ્યોગોમાં ૧૨ નોકરીઓનું સર્જન થાય છે, ત્યાં જ વસ્ત્ર ઉદ્યોગ ૩૦ નોકરીઓ આપે છે. ૧૦.૫ કરોડ પ્રત્યક્ષ-અપ્રત્યક્ષ રોજગારની સાથે વસ્ત્ર અને પરિધાન ઉદ્યોગ કૃષિ બાદ સૌથી મોટું રોજગાર પેદા કરનારું ક્ષેત્ર છે. સૌથી મોટી વાત છે કે આ ઉદ્યોગમાં ૭૦ ટકાથી વધુ ભાગીદારી મહિલાઓની છે. નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨માં દેશે ૪૪.૪ અબજ ડોલરનાં વસ્ત્ર અને પરિધાન નિકાસ કર્યાં, જે ૨૦૨૦-૨૧ની તુલનામાં ૪૧.૭ ટકા વધારે છે. તેનાથી ઉત્સાહિત મોદી સરકારે ૨૦૩૦ સુધી દેશના વસ્ત્ર અને પરિધાન નિકાસને વધારીને ૧૦૦ અબજ ડોલર કરવાનું લ-ય નિર્ધારિત કર્યું છે. આ લક્ષ્ય પૂરું થતાં વસ્ત્ર અને પરિધાન ઉદ્યોગનું કુલ મૂલ્ય વધીને ૨૫૦ અબજ ડોલર થઇ જશે.

આ ભારે ભરખમ લ-યને પામવા માટે મોદી સરકાર વડાપ્રધાન મેગા ઇંટીગ્રેટેડ ટેકસટાઇલ રિજન એન્ડ અપેરલ (મિત્ર) પાર્કોની સ્થાપના કરી રહી છે. તે અંતર્ગત વિશ્વસ્તરીય ઔદ્યોગિક બુનિયાદી માળખું, આધુનિક ટેક્નોલોજી, મોટાપાયે પ્રત્યક્ષ વિદેશી રોકાણ આકર્ષિત કરવામાં આવશે. પીએમ મીત્ર પાર્ક એક જ સ્થળે કપાઇ, વણાટ, રંગકામ, છાપકામથી લઇને પરિધાનનિર્માણ વગેરે સુધી એક એકીકૃત વસ્ત્ર મૂલ્યવર્ધનશૃંખલા બનાવવાના અવસર પ્રદાન કરશે. એનાથી વસ્ત્ર ઉદ્યોગનો વહન ખર્ચ ઓછો થશે. પીએમ મિત્ર પાર્ક ઉત્તર પ્રદેશ, ગુજરાત, તેલંગણા, કર્ણાટક, મહારાષ્ટ્ર, તમિલનાડુ અને ગુજરાતમાં સ્થાપિત કરવામાં આવશે. આ પાર્ક 'ફાઇવ એફ' વિઝન એટલે કે ફોર્મ ટુ ફાઇબર ટુ ફેક્ટરી ટુ ફેશન ટુ ફોરેનથી પ્રેરિત થઇને વસ્ત્ર અનેપરિધાન ઉદ્યોગને ઉત્તેજન આપશે. વસ્ત્ર અને પરિધાન ઉદ્યોગ માટે પીએલઆઇ વિશેષ રૂપે ઉચ્ચ મૂલ્ય સેગમેન્ટના વિસ્તાર પર કેન્દ્રિત છે. તેનું લક્ષ્ય વસ્ત્ર અને પરિધાન ઉદ્યોગને મોટો આકાર આપવાની સાથે જ પ્રતિસ્પર્ધી બનાવવાનો છે.

## સૌરાષ્ટ્ર -તામિલ સંગમમાં

# પોતાના હુન્નરથી મહેમાન તામિલો-સોમનાથ યાત્રિકોનું આકર્ષણ કેન્દ્ર બન્યું યુગલ દંપતિ

### ભાવનગરના દંપતિએ નાળીયેરના છોતરાઓમાંથી અનેક ગૃહ સુશોભનની આઇટમો બનાવી સ્વરોજગારી મેળવી






(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૨૦

સોમનાથમાં યોજાયેલ સૌરાષ્ટ્ર-તામિલ સંગમ મહોત્સવ સમાજના છેવાડાના મનવીનો સ્વરોજગાર, હુન્નર સન્માનરૂપ પ્લેટફોર્મ મળ્યું છે. ભાવનગરના શાંતિભાઈ ગોયાણા અને તેમના ધર્મપત્ની સંગીતાબેન પોતાની કોઠાસુઝનો અનેરો હુન્નર આ સમારોહના સ્ટોલમાં લાવ્યા છે.

નાળીયારના છોતરાઓનો ગૃહ સુશોભન આઈટમો આર્કષક, પગ લુછણીયા, વેલ ચઢાવવા માટે મની પ્લાન્ટ સ્ટીક, પ્લાન્ટ કોયર, બાઉલ, કુંડા, ડેકોરેટડ કોયર ટ્રી, નાળીયરના છોતરામાંથી બનેલા મોર, લોટી, શ્રીફળ, નહાવા માટેનો સ્ક્રબર, ગણપતિની નાની-મોટી સાઈઝની મૂર્તિઓ, પંખીના માળાઓ, ચકલા-ચકલી માળો, કોકપીટ એટલે નાળીયર રેસાનું ખાતર જે ઈંટ સ્વરૂપે પેકીંગ આવી તો કેટલીય ચીજો પોતાના હાથ-કસબથી બનાવી સ્વાવલંબન મંત્રથી મોટી ઉંમરે પણ સન્માન ભર્યું જીવન જીવે છે. કોયર બોર્ડનું આમા સાથ-સહયોગ પણ મળે છે. તેઓ કહે છે. નાળીયર છાલ લોકો ફેંકી દે છે તેનો અમે ઉપયોગ કરીયે છીએ અન આ છાલાં મેળવવા માટે અમો કરીયાણા દુકાનોએ, મંદિરોમાં ફરી એકઠા કરીયે છીએ પછી તેનો પ્રોસેસ કરીયે છીએ અનો તેનો પાણીમાં પલાળી ભેજવાળ કરીયે છીએ. બાદમાં મશીનથી તેમજ હાથથી તેના રેષાઓ કાઢીયે છીએ અને ગૃહ સુશોભન અનો અન્ય આઈટમો બનાવીયે છીએ અને બનાવતી વખતે પણ જે ખરાબો નીકળે તેનો સ્ટ્રકચરમાં ઉપયોગ અને ભુકો નીકળે તેનો ખાતરમં ઉપયોગ કરવા ફુલઝાડ-બગીચા વાળાઓનો આપીયે છીએ. બનતી અમારી આ આઈટમોમાં રેષા સાથે દોરા-ઉનનો ઉપયોગ પણ કરાય છે. અમો પતિ-પત્નિ બંનોએ આ હુન્નર માટે ૧૫ દિવસની તાલીમ પણ લીધી છે અનો માધવપુરના મેળામાં તેમજ અમદાવાદ સહિતના શહેરોમાં અમારી પ્રોડકટ સાથે મોટા સામારોહમાં ભાગ પણ લીધો છે.

# સુદાનમાં સેના-અર્ધલશ્કરી દળોની અથડામણમાં ભારતીય સહિત ૧૮૦નાં મોત



ખાર્તુમ, તા.૨૦

સુદાનમાં સેના અને અર્ધલશ્કરી દળો વચ્ચેની અથડામણમાં ઓછામાં ઓછા ૧૮૦ લોકોના મૃત્યુ થયા છે. જેમાં એક ભારતીયનો પણ સમાવેશ થાય છે, જ્યારે ૧૮૦૦થી વધુ લોકો ઘાયલ થયાના પણ અહેવાલો મળી રહ્યા છે. એક એજન્સીએ જણાવ્યું હતું કે, રાજધાની ખાર્તુમની નજીકની અથડામણમાં મૃતકોની સંખ્યા વધુ થઈ શકે છે. હોસ્પિટલમાં દાખલ ઘણા ઘાયલોની હાલત નાજુક હોવાનું કહેવાય છે. બે જનરલોના દળો વચ્ચે ૨૦૨૧માં સત્તા કબજે માટે બળવો થયો હતો. ત્યારબાદ ફરી એકવાર શનિવારથી આ બળવો ઘાતક હિંસામાં બદલાયેલ જોવા મળે છે. અર્ધલશ્કરી દળો અને સેનાના વિલીનીકરણને લઈને આ વિવાદ લાંબા સમયથી ચાલી રહ્યો છે. જેના કારણે અમુક સમયે હિંસા થતી રહે છે. સુદાનના આર્મી ચીફ અબ્દેલ ફત્તાહ અલ-બુરહાન અને તેમના ડેપ્યુટી, મોહમ્મદ હમદાન ડગલો, જેઓ અર્ધલશ્કરી રેપિડ સપોર્ટ ફોર્સિસને કમાન્ડ કરે છે. ખાર્તુમની સ્થિતિ ખૂબ જ ખરાબ હોવાનું કહેવાય છે. અનેક જિલ્લાઓમાં ગોળીબારની ઘટનાઓ બની છે. અહીં બોમ્બ ફેંકવામાં આવ્યા છે. તેને જોતા અહીં શાળા, કોલેજ, સરકારી ઓફિસો તમામને બંધ કરી દેવામાં આવ્યા છે. ભારતીય દૂતાવાસે એક એડવાઈઝરી જાહેર કરીને તેના લોકોને સાવચેત રહેવાની સલાહ આપી છે. લોકોને ઘરની અંદર રહેવા અને બહાર ન નીકળવાની સલાહ આપવામાં આવી છે.



પ્રજાની પાણીની સમસ્યા ઉકેલો નહિંતર તમને ન પાણીયા નેતા કહીને તેઓ ખીજવશે !

# અજિત પવારના નેતૃત્વમાં ૩૦થી ૩૪ એનસીપીના ધારાસભ્યો ભાજપમાં જોડાશે

### મહારાષ્ટ્રમાં એનસીપીના કુલ ૫૩ ધારાસભ્યો છે, અને જો એનસીપીમાં ભાગલા પડે તો શરદ પવારને મોટા ઝટકો લાગી શકે છે

મુંબઈ, તા.૨૦

મહારાષ્ટ્રમાં ફરી રાજકીય ભૂકંપ આવે તેવી શક્યતાઓ જોવા મળી રહી છે. એનસીપીના ૩૦થી ૩૪ ધારાસભ્યો અજીત પવારના સમર્થનમાં આવ્યા હોવાના સમાચાર આવી રહ્યા છે. આ દરેક ધારાસભ્યો બીજેપી સાથે જોડાવાની તૈયારી કરી રહ્યા છે. મહારાષ્ટ્રમાં એનસીપીમાં થોડા સમયથી ભાગલા પડી રહ્યા હોવાનું જાણવા મળ્યુ હતુ. મહારાષ્ટ્રમાં એનસીપીના કુલ ૫૩ ધારાસભ્યો છે, અને જો એનસીપીમાં ભાગલા પડે તો શરદ પવારને મોટા ઝટકો લાગી શકે છે. મહારાષ્ટ્રની રાજનીતિમાં ફરી એક વાર રાજકીય મોટી ઉથલાપાથલ થવાના એંધાણ દેખાઈ રહ્યા છે. સુત્રો દ્વારા મળતી માહિતી પ્રમાણે એવુ જાણવા મળી રહ્યુ છે કે કોંગ્રેસ પાર્ટીના એમસીપી



નેતા અજીત પવાર ભારતીય જનતા પાર્ટી સાથે જોડાય તેવી શકયતા છે. આ સાથે એવુ પણ જાણવા મળ્યુ છે કે, જે રીતે એકનાથ શિંદેએ ઉદ્ધવ ઠાકરેને મોટો ઝટકો આપ્યો હતો. એવી જ રીતે અજીત પવાર પણ શરદ પવારને મોટો ઝટકો આપી શકે છે. શરદ પવારે આ બાબતે જણાવતા કહ્યુ કે, "કેટલાક લોકો માત્ર ખોટા સમાચાર બનાવી રહ્યા છે. આ વાતોનો કોઈ અર્થ નથી, જે ચર્ચા તમારા મનમાં ચાલી રહી છે અમારા કોઈના મનમાં નથી. એટલા માટે આનુ કોઈ મહત્વ નથી. હું દ્રસીં વિશે કહી શકુ છું કે આ પાર્ટીમાં કામ કરવાવાળા દરેક નેતા પાર્ટીને કઈ રીતે મજબૂત કરવી તે વિશે તે દિશામાં કામ કરી રહ્યા છે. એવું સાંભળવામાં આવ્યુ કે ધારાસભ્યોની મીટીંગ છે, આ વાત ખોટી છે. પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ જયંત પાટિલ તેમના ચૂંટણી વિસ્તારમાં કામમાં વ્યસ્ત છે. હું અહી છું, અને તેના સિવાય ક્યાય બેઠક કરવાનો કોઈને અધિકાર નથી."

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

જેના પાસે આશા છે તેની પાસે બધું જ છે.

- ઈમર્સન

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.આદર-૧૩૯૨, મુ. રમજાન-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, ચૈત્ર વદ-૩૦ ખગ્રાસ સૂર્યગ્રહણ (ભારતમાં નહિં દેખાય) તા.૨૦ એપ્રિલ ૨૦૨૩, ગુરૂવાર, પારસી તા.૮, મુસ્લિમ તા.૨૮, અશ્વિની નક્ષત્ર, વિષ્કુંભ યોગ, કિંસ્તુઘ્ન કરણ, સૂ.ઉ.૬:૨૮, સૂ.અ.૭:૧૨

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : જાહેર સાહસના કાર્યોમાં સાવધ રહેવું. મૂંઝવણ-ચિંતામાં વધારો થાય.
વૃષભ : વિરહની વેદના સહેવી પડે. ધંધામાં અવરોધ આવે.
મિથુન : સંપત્તિને લગતા કાર્યોમાં સાવચેત રહેવું. વ્યર્થ ક્રોધ આવે.
કર્ક : આકસ્મીક ધન લાભ થાય. અટકેલા કાર્યો આગળ ધપે.
સિંહ : શેર-સટ્ટાથી દૂર રહેવું. માનસિક પ્રસન્નતામાં વધારો થાય.
કન્યા : જૂની ઓળખાણ લાભદાયી નીવડે. આર્થિક સમસ્યા હળવી બને.
તુલા : ગૃહજીવનમાં વિસંવાદીતતા સર્જાય. હાથમાં આવેલી લાભની તક સરી જાય.
વૃશ્ચિક : અંગત મૂંઝવણ દૂર થાય. નોકરી-ધંધામાં લાભ થાય.
ધન : અગત્યના કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. ગૃહવિવાદ.
મકર : માનસિક ઉચ્ચાટ અનુભવાય. આર્થિક ક્ષેત્રે સંભાળવું હિતાવહ.
કુંભ : મહત્વના કૌટુંબિક પ્રશ્નોનો ઉકેલ મળે. અણધાર્યો લાભ મળે.
મીન : મહેનતનું શુભ ફળ પ્રાપ્ત કરી શકશો. રોકાયેલા નાણાં છૂટા થાય.

# • રમઝાન મુબારક •




## માતા-પિતાનો અધિકાર

રોઝા : ૨૮ ગુરૂવાર

હઝરત અબૂબક્ર નફીઅ ઈબ્નેઅલ હારિસનું કથન છે કે નબી સ.અ.વ.એ ફરમાવ્યું : ''તમામ ગુનાઓમાંથી જે ગુનાની સજા અલ્લાહ ઈચ્છે તો કયામતના દિવસ સુધી ટાળી દે છે, પરંતુ હુકૂકુલ વાલિદૈન (માતા-પિતાની નાફરમાની) કરનારાઓને તેમના મૃત્યુથી પહેલા તેમના જીવનમાં તરત જ સજા આપી દેવામાં આવે છે.'' (હાકિમ)

નબવી કાળમાં આંખો ખોલી નાંખે એવી એક ઘટના તથા નબવીકાળનો એક અત્યંત બોધપ્રેરક અને શિક્ષાપ્રદ બનાવ મુસ્નદે અહમદ અને તબરાનીમાં નોંધવામાં આવેલ છે:

એક વાર સહાબાએકિરામ રદિ. નબી સ.અ.વ.ની સેવામાં હાજર હતાં કે એક માણસ આવ્યો અને કહેવા લાગ્યો: 'હે અલ્લાહનાં રસૂલ સ.અ.વ. ! એક નવયુવાનના મૃત્યુની અંતિમ ઘડી છે, લોકો તેને વારંવાર કલેમા પઢવાનું કહી રહ્યાં છે, પરંતુ તેની જબાન ઉપર કલેમા આવતો જ નથી.' નબી સ.અ.વ.એ જે માણસ આવ્યો હતો તેને પૂછ્યું: 'શું તે વ્યકિત નમાઝ પઢતો હતો.' તેણે કહ્યું: 'હાં, નમાઝ તો પઢતો હતો.' આ સાંભળીને નબી સ.અ.વ. ઊભા થયા અને તે માણસના સાથે ગયા. સહાબા (રદિ.) કહે છે કે અમે લોકો પણ પાછળ-પાછળ ગયા. નબી સ.અ.વ. તે નવયુવાનને ત્યાં પહોંચ્યા, અંતિમ સમય હતો. આપ સ.અ.વ.એ પણ તેને શહાદતનો કલેમા પઢવાનું કહ્યું, તે બોલ્યો: 'હેઅલ્લાહના રસૂલ સ.અ.વ. ! મારી જીભથી કલેમા અદા જ થતો નથી.' આપ સ.અ.વ.એ પૂછ્યું: 'છેવટે કેમ (અદા થતો નથી) ?' લોકોથી જાણકારી મળી કે આ વ્યક્તિ તેના જીવનમાં તેની માતાનો નાફરમાન રહ્યો છે. આપ સ.અ.વ.એ લોકોનેપૂછ્યું: 'શું આ વ્યક્તિની માતા જીવિત છે?' લોકોએ કહ્યુ : 'જી હાં, તેની માતા જીવિત છે, પણ આનાથી જુદી રહે છે.' આપ સ.અ.વ.એ ફરમાવ્યું: 'તેની માતાને બોલાવી લાવો.' તેની માતાને બોલાવવામાં આવી, માતા આવી, તો હુઝુર સ.અ.વ.એ એ મહિલાને પૂછ્યું: 'શું આ તમારો પુત્ર છે?' તેણે કહ્યું: 'હાં, હે અલ્લાહનાં રસૂલ સ.અ.વ. ! આ મારો જ પુત્ર છે, પણ નાફરમાન છે, હું તેને મોઢે નથી લગાવતી.' રસૂલ સ.અ.વ.એ એ વૃદ્ધ માતાને કહ્યુ : 'સારું, એ બતાવો કે એક ભયાનક આગ સળગાવવામાં આવે અને એ આગની જ્વાળાઓમાં તમારા પુત્રને નાંખી દેવાનો નિર્ણય કરવામાં આવી રહ્યો હોય અને હું તમને એમ કહું કે તમારો આ દીકરો આ આગમાં નાંખી દેવાથી માત્ર એ સ્થિતિમાં જ બચી શકે છે જ્યારે તમે આની ભલામણ કરો, તો એ સ્થિતિમાં તમે તમારા પુત્રને ભયાનક જ્વાળાઓના હવાલે કરશો કે પછી પોતાના દીકરાની ભલામણ કરશો?' એ વૃદ્ધ મહિલા બોલી: 'આવી સ્થિતિમાં તો હું તેની ભલામણ કરીશ અને આ ભયાનક આગથી તેને બચાવીશ.' આ સાંભળીને હુઝૂર સ.અ.વ.એ ફરમાવ્યું: 'બસ, તો તમે મને અને અલ્લાહને સાક્ષી બનાવીને કહો કે હું મારા આ દીકરાથી રાજી છું.' વૃદ્ધા બોલી, 'હે અલ્લાહ ! હું તને અને રસૂલ સ.અ.વ.ને સાક્ષી બનાવીને કહું છું કે હું મારા પુત્રથી રાજી છું.' તે પછી અલ્લાહનાં રસૂલ સ.અ.વ. મૃત્યુની અંતિમ ઘડીઓમાં ગ્રસ્ત નવયુવાન તરફ વળ્યા અને તેને કલેમા પઢવાનું કહ્યું. એકાએક નવયુવાનની જુબાન પર કલેમા જારી થઈ ગયો. આ ઈમાનવર્ધક દશ્ય જોઈને હુઝૂર સ.અ.વ.એ અલ્લાહની પ્રશંસા અને સ્તુતિ કરી અને ફરમાવ્યું: ''અલ્લાહનો આભાર કે તેણે મારા માધ્યમથી આ નવયુવાનને જહન્નમની ભયાનક આગથી મુક્તિ પ્રદાન કરી.''

ઈસ્લામ દર્શન કેન્દ્ર, જૂનાગઢ

# પાન-આધાર લિંક અપડેટ : પેનલ્ટી સાથે આધારકાર્ડને કેવી રીતે લિંક કરી શકાશે

નવી દિલ્હી તા.૨૦

સરકાર દ્વારા પાન કાર્ડ સાથે આધાર લિંક કરવાની છેલ્લી તારીખ ૩૦ જૂન ૨૦૨૩ સુધી લંબાવવામાં આવી છે. જે પણ કોઈ નું પાન કાર્ડ આધાર કાર્ડ લિંક નથી કારવેલું તો ૩૦ જૂન ૨૦૨૩ સુધીમાં કરાવવાનું રહેશે અને ૧૦૦૦ રૂપિયા દંડ પણ ભરવો પઢશે. જે આવું નહી કરવામાં આવે તો પાન કાર્ડબંધ થઈ જશે અને કોઈ જગ્યા તેનો ઉપયોગ કરી શકશો નહીં.

પાન કાર્ડ સાથે આધાર લિંક કેવી રીતે કરવું તે વિશે જાણો અને તમારા દસ્તાવેજોને વહેલામાં વહેલી તકે લિંક કરાવો. PANને આધાર સાથે લિંક કરવાની આ બે રીત છે જેના દ્વારા તમે PAN અને આધારને લિંક કરી શકો છો. Income Tax e-filing વેબસાઈટ દ્વારા ૫૬૭૬૭૮ અથવા ૫૬૧૬૧ ઉપર SMS મોકલીને

(૧) Income Tax e-filing વેબસાઈટ દ્વારા પાન કાર્ડ સાથે આધાર કાર્ડ લિંક કરવાની પ્રોસેસ

STEP 1 : પાનકાર્ડ આધારકાર્ડ લિંક કરવા માટે સૌપ્રથમ તમારે વેબસાઈટ https://www.incometax.gov.in/iec/foportal ઉપર જવાનું રહેશે.

STEP 2 : ત્યારબાદ તે પેજમાં Link Aadhar ઉપર ક્લિક કરવાનું રહેશે.

STEP 3 : પછી એક નવું પેજ ખુલશે તેમાં તમારા આધાર કાર્ડ નંબર અને પાન કાર્ડ નંબર નાખીને Validate ઉપર ક્લિક કરવાનું રહેશે.

STEP 4 : ત્યારબાદ જો તમારે ફી ભરવાની જરૂર હશે તો તમને ફી ભરવા માટે કહેવામાં આવશે નહિતર તમે પાન આધાર લિંક નહીં કરી શકશો.

જાણો આધાર કાર્ડ સાથે પાન કાર્ડ લિંક કરવા માટે ફી કેવી રીતે ભરવી ?

STEP 5 : ત્યાર બાદ તમારે પાન કાર્ડ નંબર, આધાર કાર્ડ નંબર, આધારમાં જે નામ હોય તે નામ અને મોબાઈલ નંબર લખવાના રહેશે અને Link Aadhar પર ક્લિક કરવાનું રહેશે.

(pan card link with aadhar card)

STEP 6 : ત્યારબાદ આધાર કાર્ડ ઉપર જે મોબાઈલ નંબર લીંક છે તેના ઉપર OTP આવશે.

STEP 7 : OTP દાખલ કર્યા બાદ તમને એક મેસેજ જોવા મળશે જેમાં લખેલું હશે કે તમારૂં આધાર પાન લિંકની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે હવે તમે પાન આધાર લિંક સ્ટેટસ ચેક કરી શકો છો.

(૨) SMS મોકલીને PANને આધાર સાથે લિંક કરવું

SMS મોકલીને PANને આધાર સાથે લિંક કરવા. તમારે નીચે જણાવેલ પગલાંને અનુસરવાની જરૂર છે :

STEP 1 : તમારા મોબાઈલ ઉપર UIDPAN 12-અંકનો આધાર ૧૦-અંકનો PAN લખો

STEP 2 : તેને ૫૬૭૬૭૮ અથવા ૫૬૧૬૧ ઉપર મોકલો

પાન કાર્ડ આધાર કાર્ડ લિંક સ્ટેટસ ચેક કરવા માટેના સ્ટેપ નીચે મુજબ છે.

STEP 1 : સૌપ્રથમ તમારે વેબસાઈટ https://w.incometax.gov.in/iec/foportal ઉપર જવાનું રહેશે




STEP 2 : ત્યારબાદ તે પેજમાં Link Aadhar Status ઉપર ક્લિક કરવાનું રહેશે.

STEP 3 : પછી એક નવું પેજ ખુલશે તેમાં તમારા આધાર કાર્ડ નંબર અને પાન કાર્ડ નંબર નાખીને View Link Aadhar Status ઉપર ક્લિક કરવાનું રહેશે.

STEP 4 : પાન કાર્ડ સાથે આધાર કાર્ડ સાથે લિંક છે કે નહી તે તમને મેસેજ જોવા મળશે.

પાન કાર્ડ સાથે આધાર કાર્ડ લિંક કરવા માટે ફી કેવી રીતે ભરવી ?

STEP 1: સૌપ્રથમ https://www.incometax.gov.iiec/foportal/ income tax પોર્ટલ પાન આધાર લિંક કરવાની વિનંતી સબમિટ કરવા વેબસાઈટ ઉપર જવાનું રહેશે.

STEP 2 : ત્યારબાદ તમારે e-Pay Tax બટન ઉપર ક્લિક કરવાનું રહેશે.

STEP 3 : ત્યારબાદ તમારે પહેલા ઓપ્શન Income Tax{kt Proceed બટન ઉપર ક્લિક કરવાનું રહેશે.

STEP 4 : ત્યાર બાદ એટલે આવતું વર્ષ સિલેક્ટ કરવાનું રહેશે અને Type of Paymenમાં તમારે Other Receipt 500 સિલેક્ટ કરવાનું રહેશે. પછી Continue બટન ઉપર ક્લિક કરવાનું રહેશે

STEP 5 : પછી તમારી સામે ટોટલ કેટલું પેમેન્ટ કરવાનું છે તે જોવા મળશે. અત્યારે ૧૦૦૦ પેમેન્ટ કરવાનું છે તો તે આવશે. પછી Continue બટન ઉપર ક્લિક કરવાનું રહેશે.

STEP 6 : ત્યારબાદ તમારી સામે પેમેન્ટ માટે ઘણા બધા ઓપ્શન જોવા મળશે જેવી રીતે પેમેન્ટ કરવા માંગો છો તેનાથી પેમેન્ટ કરી શકો છો (નેટ બેકિંગ, Debit card , Credit Card, Payment gateway)

STEP 7 : ત્યારબાદ તમારે ચેકબોકસ સિલેક્ટ કરીને Submit to Bank બટન ઉપર ક્લિક કરવાનું રહેશે.

પછી તમારૂં Payment successfull થઈ જશે અને મેસેજ પણ જોવા મળશે અને તમે પેમેન્ટ રીસિપ્ટ પણ Download કરી શકો છો. જરૂરી ઓનલાઈન ફી ચૂકવ્યા બાદ થોડી વાર રાહ જોઈને પછી તમે આધાર કાર્ડ સાથે પાન કાર્ડ લિંક કરી શકો છો. પછી તમને ત્યાં ફી ચૂકવવા માટે પેજ જોવા મળશે નહિ. પેમેન્ટ થઈ ગયા પછી પાનકાર્ડ આધારકાર્ડ લિંક કરો ત્યારે તમને આવો મેસેજ જોવા મળશે એટલે પછી તમે પાન કાર્ડ સાથે આધાર કાર્ડ લિંક કરી શકશો.

# મોંઘવારીનો વધુ એક માર : સરકારે OPD, ICU અને રૂમના ભાડામાં કર્યો વધારો

**રૂમના ભાડામાં ૧.૫ ગણો વધારો કરવામાં આવ્યો છે, જનરલ રૂમ માટે ૧,૫૦૦, વોર્ડ માટે ૩,૦૦૦ અને ખાનગી રૂમ માટે રૂા.૪,૫૦૦**

નવી દિલ્હી, તા.૨૦

હવે કેન્દ્ર સરકાર દ્વારા આરોગ્ય યોજનાઓ હેઠળ ઘણા ચાર્જમાં વધારો કરવામાં આવ્યો છે. કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે સરકારની આરોગ્ય યોજના- કેન્દ્ર સરકાર આરોગ્ય યોજના હેઠળ કન્સલ્ટેશન ફી અને રૂમના ભાડામાં વધારો કર્યો છે. કેન્દ્ર સરકાર ખાનગી હોસ્પિટલોમાં યોજનાઓ હેઠળ રાહત આપે છે. કેન્દ્ર સરકારની આરોગ્ય યોજનાઓ હેઠળ, તે કેન્દ્ર સરકારના કર્મચારીઓ, પેન્શનરો અને પસંદગીના લાભાર્થી જૂથો તેમજ તેમના આશ્રિતોને પ્રાથમિક આરોગ્ય સંભાળ પૂરી પાડવાનું કામ કરે છે. આ યોજનાઓ હેઠળ, ૪૨ લાખ નોંધાયેલા લોકો ડિસ્કાઉન્ટ સાથે ખાનગી હોસ્પિટલમાં સારવાર મેળવી શકે છે. ચાલો જાણીએ કે આ યોજનાઓ હેઠળ કયા ચાર્જમાં વધારો કરવામાં આવ્યો છે. રૂમના ભાડામાં ૧.૫ ગણો વધારો કરવામાં આવ્યો છે. જનરલ રૂમ માટે રૂા.૧,૫૦૦, વોર્ડ માટે રૂા.૩,૦૦૦ અને ખાનગી રૂમ માટે રૂા.૪,૫૦૦ તેની કિંમતમાં વર્ષ ૨૦૧૪માં સુધારો કરવામાં આવ્યો હતો. આ પછી હવે પહેલીવાર આ પ્રકારના ચાર્જમાં વધારો થયો છે. તેના માટે ૨૪૦-૩૦૦ કરોડ રૂપિયાના વધારાના સરકારી ખર્ચની જરૂર પડશે. મિન્ટના અહેવાલ મુજબ, એક અધિકારીએ કહ્યું કે સરકારે મોટી હોસ્પિટલો માટે રેફરલ પ્રક્રિયાઓને પણ સરળ બનાવી છે. હાલમાં, કેન્દ્ર સરકારની આરોગ્ય યોજનાઓ હેઠળ ૧,૬૭૦ થી વધુ ખાનગી હોસ્પિટલો અને ૨૧૩ લેબ સૂચિબદ્ધ છે. તેમાં મેદાંતા, ફોર્ટિસ, નારાયણ, એપોલો, મેક્સ અને મણિપાલ જેવી ઘણી મોટી હોસ્પિટલો છે. સરકારના આ પગલા ઉપર બોલતા, CGHS વર્કિંગ ગ્રૂપના સંયોજક ડો. ગિરધર જ્ઞાનીએ જણાવ્યું હતું કે અમે ૨૫થી ૩૦ ટકાના વધારાની અપેક્ષા રાખી રહ્યા હતા, કારણ કે ૨૦૧૪માં તેમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો ન હતો. તેમણે કહ્યું કે આ નજીવો વધારો છે. વર્ષ ૨૦૨૧ દરમ્યાન આરોગ્ય મંત્રાલયે આરોગ્ય સેવાઓને સુવ્યવસ્થિત કરવા માટે નેશનલ હેલ્થ ઓથોરિટીના IT પ્લેટફોર્મ હેઠળ CGHSની નોંધણી કરી હતી. CGHS 79 શહેરોમાં ફેલાયેલું છે અને તે પંચકુલા, હુબલી, નરેલા, ચંદીગઢ અને જમ્મુ સુધી વિસ્તરી રહ્યું છે. ૧૦૩થી વધુ આયુષ કેન્દ્રો પણ CGHS સેવાનો ભાગ છે

# વલસાડના ઝરોલી ગામે ૩૫૦ મીટર લાંબી પર્વતીય ટનલમાંથી બુલેટ ટ્રેન પસાર થશે

**મુંબઈ-અમદાવાદ વચ્ચે દોડનારી બુલેટ ટ્રેન ૫૦૮ કિ.મી.ના લાંબા રૂટમાં પહાડમાંથી પસાર થતી હોય તેવી ગુજરાતની આ પ્રથમ જગ્યા હશે**

વલસાડ, તા.૨૦

બુલેટ ટ્રેનનું નામ આવતાં જ વલસાડ જિલ્લાનું ઝરોલી ગામ આજકાલ લોકોમાં ભારે ઉત્સુકતા જગાવી રહ્યું છે. કારણ કે, સમગ્ર ગુજરાતમાં ઝરોલી ગામના એક પર્વતમાંથી આરપાર બુલેટ ટ્રેન પસાર થવાની છે. મુંબઈ-અમદાવાદ વચ્ચે દોડનારી આ બુલેટ ટ્રેનનો ૫૦૮ કિ.મી.નો લાંબા રૂટમાં પહાડમાંથી પસાર થતી હોય તેવી ગુજરાતની આ પ્રથમ જગ્યા હશે કે જ્યાંથી પર્વતમાં બનાવેલી ટનલમાંથી ટ્રેન પસાર થશે. ઉમરગામના ઝરોલી ગામે પ્રથમ ટનલ બની રહી છે. જ્યાંથી ટ્રેન પસાર થશે. નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા હાથ ધરાયેલ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ હેઠળ અહીં ૩૫૦ મીટર લાંબી પર્વતીય ટનલનું કામ હાલમાં પૂરજોશમાં ચાલી રહ્યું છે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના ઝરોલી ગામમાં સમગ્ર ગુજરાતમાં એકમાત્ર ડુંગરમાંથી ટનલ બનાવીને બુલેટ ટ્રેન પસાર થશે. અહીં ૩૫૦ મીટર લાંબી પર્વતીય ટનલ બનાવવાની કામગીરી હાલ પૂરજોશમાં ચાલી રહી છે. અંદાજિત ૩૫૦ મીટર લાંબી આ ટનલમાં અત્યાર સુધીમાં ૬૭ મીટરની કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે

ભારતીય રેલવે દ્વારા પ્રવાસીઓને વિશેષ સુવિધા

# ટ્રેન મોડી પડે તો રેલવેએ યાત્રીને મફતમાં ભોજન આપવું પડશે

**સ્ટેશન ઉપર પહોંચવામાં બે કલાકથી વધારે સમય લાગે તો રેલવે દ્વારા તમને મફતમાં ભોજન આપવું પડશે**




નવી દિલ્હી, તા.૨૦

આજે લાખો લોકો ટ્રેનમાં મુસાફરી કરતા હોય છે. જેમા મોટાભાગના લોકો દુરની મુસાફરી કરવા માટે ટ્રેનની મુસાફરી પસંદ કરતા હોય છે. ભારતીય રેલવે સંચાલિત ટ્રેનોમાં ક્યારેક ભીડ, રીપેરીંગ અથવા કુદરતી કારણોસર ઘણી વાર મોડી પડતી હોય છે. કેટલીક વાર ટ્રેન કલાકો સુધી મોડી પડતી હોય છે જેનો ભોગ મુસાફરોને ભોગવવો પડતો હોય છે. એટલા માટે રેલવે દ્વારા મુસાફરો માટે ખાસ સુવિધા આપવામાં આવે છે. જેમા જો ટ્રેન કોઈ કારણથી મોડી પડે તો રેલવે દ્વારા મુસાફરને ફ્રીમાં ભોજન આપવામાં આવે છે. સ્ટેશન ઉપર પહોચવામાં ૨ કલાકથી વધારે સમય લાગે તો રેલવે દ્વારા તમને મફતમાં ભોજન આપવુ પડશે. જો તમે ટ્રેનમાં મુસાફરી કરો છો અને તમારી પાસે રાજધાની, શતાબ્દી અથવા દુરન્તોની ટિકિટ છે અને તમારે સ્ટેશન ઉપર પહોચવામાં ૨ કલાકથી વધારે સમય લાગે તો રેલવે દ્વારા તમને મફતમાં ભોજન આપવુ પડશે. જમવામાં લંચ કે ડીનરના સમયે આપવામાં આવશે. એટલું જ નહી તમને ચા, કોફી અને બિસ્કીટ પણ આપવામાં આવશે. જો તમે પ્રિમિયમ ટ્રેનમાં મુસાફરી કરી રહ્યા છો અને તમારી ટ્રેન મોડી પડે તો તમારે આ સુવિધાનો લાભ ઉઠાવવો જોઈએ. લોકો મોટાભાગે શિયાળામાં આનો લાભ વધારે પ્રમાણમાં લેતા હોય છે. કારણ કે શિયાળામાં વાતાવરણ ધુમ્મસના કારણે મોટાભાગે ટ્રેન મોડી પડતી હોય છે. ટ્રેન મોડી થવા ઉપર ભારતીય રેલવે દ્વારા મુસાફરોને વેઈટિંગ રૂમની સુવિધા આપવામાંરઆવે છે. આ સુવિધા તમને દરેક સ્ટેશન ઉપર મળી રહેશે. જેમા તમારી ટિકિટ પ્રમાણે રુમની સુવિધા આપવામા આવશે. જો તમારી ટ્રેન બે કલાકથી વધારે મોડા પડે છે તો તમે ટિકિટ કેન્શલ કરી પુરી પૈસા પરત લઈ શકો છો. પહેલા આ સુવિધા માત્ર તેમને જ મળતી હતી જેમણે રેલવે કાઉન્ટર ઉપરથી ટિકિટ બુક કરાવી હોય. હવે રેલવેએ તેનો વિસ્તાર કરતા ઓનલાઈન ટિકિટ બુક કરાવી હોય તેવા મુસાફરોને પણ આ સુવિધા આપવામાં આવશે. અને કોઈ કારણસર તમે ટ્રેન છુટી જાઓ તો પણ તમને રિફંડ મળવાપાત્ર છે. આના માટે તમારે ટ્રેન સ્ટેશન છોડ્યાના એક કલાકની અંદર ટીડીઆરફોર્મ ભરીને ટિકિટ કાઉન્ટર ઉપર જમા કરાવવું પડશે.

# આ મહિનાના અંતે કોંગ્રેસ ગુજરાતમાં મોટું શક્તિ પ્રદર્શન કરશે



અમદાવાદ તા.૨૦

લોકસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસે તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે. એપ્રિલના અંતમાં કોંગ્રેસનું ગુજરાતમાં મોટું શક્તિ પ્રદર્શન યોજાશે. જેમાં મલ્લિકાર્જુન ખડગે, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી ગુજરાત આવી શકે છે. કોંગ્રેસ શાસિત રાજ્યોના મુખ્યમંત્રી સહિતના મોટા નેતાઓ જે કાર્યક્રમમાં હાજર રહે તેવી શક્યતાઓ છે કોંગ્રેસ શકિત પ્રદર્શન યોજશે કોંગ્રેસ જય ભારત સત્યાગ્રહ કાર્યક્રમના બેનર હેઠળ શક્તિ પ્રદર્શન યોજાશે જે કાર્યક્રમ આગામી ૩૦ એપ્રિલેના રોજ યોજાશે. આ કાર્યક્રમ મધ્ય ગુજરાત અથવા ઉત્તર ગુજરાતમાં યોજાઈ શકે છે. રાહુલ ગાંધીનું સંસદ સભ્ય પદ રદ સહિતના મુદે કોંગ્રેસનું ગુજરાતમાં મોટું સંમેલન યોજાવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જગદીશ ઠાકોરનું નિવેદન કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરે જણાવ્યું કે, તમામ ૩૩ જિલ્લાઓ અને આઠ મહાનગરોમાં તેમજ મોટા શહેરોમાં અને વિધાનસભા વાઈઝ કોંગ્રેસ પોતાના પરિવારને, કુટુંબને ભેગુ કરીને આવતા દિવસની અંદર રણનીતિ શું હશે તે જણાવશે તેમજ ૨૦૨૪ની રણનીતિ શું હશે અને વિધાનસભા પહેલા અને પછીનું કયું કામ કરવાનું હતું અને કયું કામ બાકી રહી ગયું તેના લેખા જોખા જોવામાં આવશે. મનિષ દોશીએ કહ્યું કે, રાહુલ ગાંધી સામે કિન્નાખોરી રાખી સંસદમાં ન બોલવા દેવા તેમજ જ્યારે જ્યારે મોંઘવારી તેમજ બેરોજગારીને લઈને પ્રશ્ન કરાયા છે ત્યારે તેના જવાબો નથી અપાતા તેમણે કહ્યું, સામાન્ય બાબતે રાહુલ ગાંધીને કાનૂની ગુચમાં ફસાવાનો સુનિયોજિત કામ કરાયું છે.

લાઈબ્રેરીમાં છે વિવિધ ભાષાના ૮૮,૦૦૦ પુસ્તક

# ઐતિહાસિક લાઈબ્રેરી ભાવનગર શહેરમાં છે

**૧૯૩૬ ના વર્ષમાં આ પુસ્તકાલયમાં ૧૫,૯૮૦ પુસ્તકો હતા, જે ૨૦૦૪ સુધીમાં વધીને ૬૧૭૬૩ પુસ્તકો સુધી પહોંચ્યા હતા**

ભાવનગર, તા.૨૦

બાર્ટન પુસ્તકાલય ગુજરાત રાજયના સૌરાષ્ટ્ર પ્રાંતમાં આવેલા ભાવનગર શહેરમાં આવેલી એક અનન્ય પુસ્તકાલય છે. જેની સ્થાપના ૩૦ ડિસેમ્બર વર્ષ ૧૮૮૨ના દિવસે કરવામાં આવી હતી અને વર્ષ ૧૮૯૫ના વર્ષમાં આ પુસ્તકાલયનું નવું ભવ્ય મકાન બાંધી લાઈબ્રેરી ત્યાં ખસેડવામાં આવી હતી. મહાત્મા ગાંધી જયારે ભાવનગરમાં અભ્યાસ કરતા હતા ત્યારે તેમણે આ પુસ્તકાલયનો ઉપયોગ કર્યો હતો. ઈ.સ. ૧૯૩૬ ના વર્ષમાં આ પુસ્તકાલયમાં ૧૫,૯૮૦ પુસ્તકો હતા. જે ૨૦૦૪ સુધીમાં વધીને ૬૧૭૬૩ પુસ્તકો સુધી પહોંચ્યા હતા. ૨૦૦૯ ના વર્ષ દરમ્યાન પુસ્તકોનો આંકડો ૬૮,૦૦૦ને પાર કરી ચુક્યો હતો. ૨૦૧૨ ના વરસના અંતે આ આંકડો ૭૨,૦૦૦ અને ૨૦૧૫ માં ૭૫,૦૦૦ કરતા વધારે પુસ્તકો આ પુસ્તકાલયમાં હતા. બાર્ટન પુસ્તકાલયની મુખ્ય વિશેષતા એ છે કે તે દરેક વર્ગના વ્યકિતઓના વાંચનની ભૂખ સંતોષે છે. જેમાં નાના બાળકોથી લઈને યુવાનો તેમજ વડીલોનો સમાવેશ થાય છે. બાર્ટન પુસ્તકાલય ૮૮,૦૦૦ થી પણ વધુ પુસ્તકોનો સંગ્રહ ધરાવે છે. જેમાં ગુજરાતી, હિન્દી, અંગ્રજી, સંસ્કૃત , મરાઠી તેમજ કેટલીક હસ્તપ્રત પુસ્તકોનો પણ સમાવેશ થાય છે. સભ્યોએ પુસ્તકાલયમાં જોડાવા માટે નજીવી રકમ ચૂકવવી પડે છે. બાર્ટન લાઈબ્રેરીમાં હસ્તપ્રત પુસ્તકો, નવલકથાઓ, પવિત્ર ગ્રંથો, હાસ્ય પુસ્તકો, વાર્તા પુસ્તકો વગેરેનો સંગ્રહ છે. બાર્ટન પુસ્તકાલય માં "ગુજરાત નો નાથ", "મધ્યબિંદુ" જેવી પ્રખ્યાત નવલકથાઓ પણ છે. પુસ્તકાલયમાં પવિત્ર ગ્રંથો જેવા કે શ્રીમદ્ ભગવદ્ ગીતા, રામાયણ, મહાભારત, બાઈબલ, કુરાન વગેરેનો સમાવેશ થાય છે. પુસ્તકાલય કેટલાક કાર્ટુનના પરિકલ્પના ધરાવતા પુસ્તકો પણ ધરાવે છે કે જે બાળકોનું ધ્યાન પોતાના તરફ ખેંચે છે. બાર્ટન પુસ્તકાલયમાં ખુબજ રસપ્રદ એવા 'અકબર બીરબલ', 'પંચતંત્ર ની વાર્તાઓ', 'વિક્રમ વેતાલ', 'બકોર પટેલની વાર્તા' વિગેરે જેવા અસંખ્ય પુસ્તકોનો સમાવેશ થાય છે. બાર્ટન પુસ્તકાલય ૮૮,૦૦૦ થી પણ વધુ પુસ્તકોનો સંગ્રહ ધરાવે છે કે જેમાં ગુજરાતી, હિન્દી, અંગ્રજી, સંસ્કૃત , મરાઠી તેમજ કેટલીક હસ્તપ્રત પુસ્તકોનો પણ સમાવેશ થાય છે. બાર્ટન પુસ્તકાલયની મુખ્ય વિશેષતા એ છે કે તે દરેક વર્ગના વ્યક્તિઓના વાંચનની ભૂખ સંતોષે છે. જેમાં નાના બાળકોથી લઈને યુવાનો તેમજ વડીલોનો સમાવેશ થાય છે.

# બોગસ એજન્ટોની ભ્રામક જાહેરાતો કે લોભ-લાલચમાં ફસાયા વિના કોઈપણ પ્રકારની નાણાંની લેવડ-દેવડ ન કરવા લોકોને અનુરોધ

**આસપાસ કોઈ એજન્ટ જણાય તો તાત્કાલિક સંબંધિત જિલ્લાની શિક્ષણાધિકારીની કચેરી અથવા વોટ્સએપ હેલ્પલાઈન પર ફરિયાદ કરવા રાજ્ય સરકારનો અનુરોધ**

ગાંધીનગર, તા.૨૦

રાજ્ય સરકાર દ્વારા RTE એક્ટ, ૨૦૦૯ આરટીઈ એક્ટ, ૨૦૦૯ હેઠળ પ્રવેશ પ્રક્રિયા સંપૂર્ણ પારદર્શક રીતે યોજાય છે. હાલ આગામી શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે, જે માટે તા.૧૦/૦૪/૨૦૨૩થી તા.૨૨/૦૪/૨૦૨૩ સુધી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે એમ પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીની યાદીમાં જણાવાયું છે. ઘણા જિલ્લાઓમાં ગરીબ વાલીઓને મનગમતી શાળામાં પ્રવેશ આપવાના નામે પૈસા પડાવતા એજન્ટો સક્રિય હોવાનું રાજ્યસરકારના ધ્યાને આવ્યું છે. આવા બોગસ એજન્ટો દ્વારા ખોટા પુરાવાઓ તૈયાર કરવાની લાલચ આપવામાં આવે છે. આથી જાહેર જનતાને આવી ભ્રામક જાહેરાતો કે લોભ-લાલચમાં ફસાયા વિના કોઈપણ પ્રકારના નાણાંની લેવડદેવડ નહી કરવા તેમજ આવા કોઈ એજન્ટો આસપાસ જણાય તો તાત્કાલિક સંબંધિત જિલ્લાની શિક્ષણાધિકારીની કચેરી અથવા વોટ્સએપ હેલ્પલાઈન ૭૦૪૬૦૨૧૦૨૨ ઉપર તાત્કાલિક ફરિયાદ કરવા રાજ્ય સરકારે અનુરોધ કર્યો છે. સરકાર આવા એજન્ટો સામે કાયદેસરની કાર્યવાહી કરશે. આ સિવાય જો કોઈ વાલી દ્વારા ખોટા પુરાવા રજૂ કરવામાં આવશે અને ચકાસણી કરતાં તે પુરાવા ખોટા સાબિત થશે તો તેવા વાલીઓ સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવા સરકારને ફરજ પડશે જેની ગંભીર નોંધ લેવા પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીની અખબારી યાદીમાં જણાવાયુંછે. ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકાર દ્વારા RTE એક્ટ, ૨૦૦૯ની કલમ ૧૨(૧)(સી) અન્વયે બિનઅનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫ ટકા લેખે ધોરણ-૧માં વિનામૂલ્યે નબળા અને વંચિત જૂથનાં બાળકોને પ્રવેશ આપવા માટે સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યાં છે. વર્ષ ૨૦૧૭-૧૮થી RTE હેઠળની પ્રવેશ પ્રક્રિયા વેબપોર્ટલના માધ્યમથી ઓનલાઈન કરવામાં આવી છે. વાલીઓ દ્વારા ઓનલાઈન ફોર્મ ભરી તમામ જરૂરી ડોક્યુમેન્ટ ઓનલાઈન જ અપલોડ કરવામાં આવે છે. તેમજ રાજ્ય સરકારના તા.૦૪/૦૮/૨૦૨૦ના ઠરાવ મુજબ અગ્રતા કેટેગરી પ્રમાણે જ સંપૂર્ણ પારદર્શક રીતે પ્રવેશ ઓનલાઈન જ આપવામાં આવે છે. આ સમગ્ર પ્રક્રિયા ટેકનોલૉજી આધારિત હોઈ તેમાં કોઈપણ વ્યકિત દ્વારા દખલગીરી શક્ય નથી.

# વેરાવળમાં વાડીમાંથી ૩૫૩ કટ્ટાનો શંકાસ્પદ રેશનીંગનો જથ્થો મળી આવ્યો, ગરીબોનું અનાજ બારોબાર કરવાના કૌભાંડ હોવાની વ્યાપક ચર્ચા

**પુરવઠા વિભાગને દરોડામાં મળી આવેલ જથ્થો સીઝ કરી આગળની કાર્યવાહી હાથ ધરી : મળી આવેલ જથ્થો કોડીનારના શખ્સનો હોવાનું સામે આવતા તપાસ હાથ ધરી**








(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૦

વેરાવળના બાયપાસ વિસ્તારમાં એક વાડીમાંથી શંકાસ્પદ સરકારી રેશનીંગનો ૩૫૩ કટ્ટાનો જથ્થો પુરવઠા વિભાગે બાતમીના આધારે પાડેલ દરોડામાં મળી આવતા સીઝ કરવામાં આવ્યો છે. આ જથ્થો કોડીનારનો કોઈ શખ્સનો હોવાનું વાડી માલીક જણાવી રહ્યો હોય જેને લઈ પુરવઠા વિભાગે તપાસ હાથ ધરી છે. જો આની મુળ સુધી તપાસ થશે તો અનેક ચોંકાવનારા ઘટસ્ફોટ થવાની સાથે ડોર સ્ટેપની કામગીરીમાં જોડાયેલાઓની શંકાસ્પદ ભુમિકા સામે આવવાની ચર્ચાઓ થઈ રહી છે.

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ ઉપરાંત તાલાલા, સુત્રાપાડા,ઉના, કોડીનાર પંથકમાં ગરીબોનું અનાજ બારોબર જતો હોવાનું કૌભાંડ ચાલી રહ્યાની વ્યાપક ચર્ચાઓ વચ્ચે ગતરાત્રીના પુરવઠા વિભાગે શંકાસ્પદ રેશનીંગના અનાજનો જથ્થો ઝડપી પાડયો છે. જે અંગે માહિતી આપતા પુરવઠા વિભાગના અધિકારી જામસિંહ પરમારએ જણાવેલ કે, વેરાવળ બાયપાસ ઉપર આવેલ એક વાડીમાં સરકારી રેશનીંગનો જથ્થો એકત્ર થઈ રહ્યો હોવાની માહિતી મળી હતી. જેના આધારે વિભાગની ટીમે ગતરાત્રીના બાયપાસ ઉપર અસલમ સરકાર ની વાડીએ દરોડો પાડયો હતો. જ્યાં ખુલ્લામાં ચોખાના ૨૫૯ અને ઘઉંના ૯૪ કટ્ટાઓ મળી આવ્યા હતા.

આ કટ્ટાઓ સીલ પેક હોવાની સાથે રેશનીંગની દુકાનોમાં હોય તેવા જ હોવાથી શંકાસ્પદ લાગતા સીઝ કરવામાં આવ્યા હતા. બાદમાં આ વાડી માલીકની પૂછપરછમાં આ શંકાસ્પદ કટ્ટાનો જથ્થો કોડીનારનો દેવસી ભાલિયાનો હોવાનું જણાવ્યુ હતુ. હાલ આ જથ્થો સરકારી છે કે ખાનગી તે તપાસ પુર્ણ થયા બાદ સ્પષ્ટ થશે. હાલ શંકાસ્પદ હોવાથી સીઝ કરી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે. આ કાર્યવાહીના પગલે રેશનીંગના અનાજ ને બારોબાર સગેવગે કરતા કૌભાંડીયા ઓમાં દોડધામ સાથે ફફડાટની લાગણી પ્રસરી ગઈ છે. અને યેન કેન પ્રકારે ભીનું સકેલી લેવા મોટા મગરમચ્છ છૂટી જાય અને નાના માછલાં ઓ પર ઢોળી દેવા ની કવાયત પણ હાથ ધરવામાં આવી હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

અત્રે નોંધનીય છે કે, આજે જે વાડીમાંથી શંકાસ્પદ અનાજનો જથ્થો સીઝ કર્યો છે. તે જગ્યા સાથે ડોર સ્ટેપના પ્રતિનિધિ તરીકે કામ કરતો એક વ્યક્તિ સંકળાયેલ હોવાનુ જાણવા મળી રહ્યુ છે. ત્યારે આ પ્રકરણમાં તંત્ર દ્વારા સઘન અને નિષ્પક્ષ તપાસ હાથ ધરવામાં આવે તો ડોર સ્ટેપના કોન્ટ્રાકટરોની શંકાસ્પદ કામગીરીથી ગરીબોના અનાજને બારોબાર સગેવગે કરવાના સુવ્યવસ્થિત નેટવર્કનો પર્દાફાશ થાય તેવી જાણકારોમાં ચર્ચાઓ થઈ રહી છે.

## ગીર સોમનાથના ઉનામાં કાપડની દુકાનની આડમાં ઈ-સિગારેટ, હુક્કાનું વેચાણ કરતા બે વેપારીઓને ઝડપી લેવાયા

### એસઓજીની ટીમે બંન્ને દુકાનોમાંથી પ્રતિબંધિત ઈ-સિગારેટ, કાંચની કોઠીવાળા હુક્કા, હુક્કાના કોલસા, સિલ્વર પેપર, હુક્કાની ફલેવર સહિતનો મોટો મુદ્દામાલ કબ્જે કર્યો



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ,તા.૨૦

ગીર સોમનાથ જિલ્લાના ઉના શહેરમાં ગેરકાયદેસર રીતે ઈ-સિગારેટ અને હુક્કાનું વેંચાણ થઈ રહ્યાની મળેલ બાતમીના આધારે એસઓજીની ટીમે બે કાપડનુંવેચાણ કરતી દુકાનઉપર દરોડો પાડી પ્રતિબંધિત ઈ-સિગારેટ, હુક્કા, હુક્કાના ફ્લેવર્સ, કોલસા, સિલ્વર પેવર પેપર સહિતની પ્રતિબંધિત વસ્તુઓનું જથ્થો જપ્ત કર્યો હતો. કાપડના વેંચાણની આડમાં પ્રતિબંધિત વસ્તુઓનું વેંચાણ કરતા હોવાનું સામે આવતા બંન્ને વેપારીની ધરપકડ ઉના પોલીસમાં ગુનો નોંધાવેલ હતો.

ગીર સોમનાથ જિલ્લામાં યુવાધનને નશાના ચંગુલના રવાડે થતા અટકાવવા માટે સૂચના હોય જે સબબ એસઓજીએ પ્રથમ વખત જિલ્લામાંથી પ્રતિબંધિત પ્રતિબંધિત ઈ-સિગારેટ અને હુક્કાના વેંચાણનો પર્દાફાશ કર્યો છે.

જે અંગે પ્રાપ્ત વિગતો મુજબ એસઓજી પીઆઈ એ.બી.જાડેજાએ મળેલ બાતમીના આધારે સ્ટાફ સાથે ગઈકાલે રાત્રીના ઉના શહેરમાં કુચ કુચ ફળિયા વિસ્તારમાં આવેલ વેલકમ ફેશન અને ફેશન વિલા નામની દુકાન ઉપર દરોડો પાડી તપાસ હાથ ધરી હતી.

જેમાં વેલકમ ફેશન દુકાનમાંથી ઈ-સિગારેટના ત્રણ પેકેટ, હુક્કાની અલગ અલગ ફલેવર, હુક્કાના કોલસા, સિલ્વર પેપર હુક્કાની વાટકી, પ્લાસ્ટિકની પાઈપ અનેડટ્ટીઓ, કાચની કોઠીવાળા નવ હુક્કા મળી આવ્યા હતા. જ્યારે ફેશન વીલા દુકાનમાંથી ઈ-સિગારેટના બે પેકેટ, હુક્કાની અલગ અલગ ફલેવર, હુક્કાના કોલસા, સિલ્વર પેપર હુક્કાની વાટકી, પ્લાસ્ટિકની પાઈપ અનેડટ્ટીઓ, કાચની કોઠીવાળો એક હુક્કો મળી આવ્યો હતો. આ તમામ મુદ્દામાલ કબજે કરી બંન્ને દુકાનના વેપારીઓ અકરમ હનીફ શેખ અને આશીફ ઈબ્રાહિમ ચૌહાણની ધરપકડ કરી હતી. બાદમાં બંન્ને વેપારીઓ સામે ઉના પોલીસમાં ગુનો નોંધાવી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

## ત્રણ મહિનાથી તિરાડ પડેલ ઘર સંસારને ફરીથી જોડી અને સુઃખદ સમાધાન કરાવતી કેશોદ ૧૮૧ અભયમક મહિલાહેલ્પલાઈન ટીમ

જૂનાગઢ, તા.૨૦

ગુજરાત સરકાર દ્વારા કાર્યરત ૧૮૧ મહિલા હેલ્પલાઈન મ રહિલાઓ માટે ખરા અર્થમાં આજે મહિલાઓ માટે આશીર્વાદ રૂપ સાબિત થઈ રહી છે. ૧૮૧ મહિલા હેલ્પલાઈન દ્વારા ઘરેલું હિંસાથી પીડિત મહિલાઓને મદદ કરી પ્રશંસનીય કામગીરી કરી રહી છે. કેશોદ તાલુકામાં એક મહિલા એ ૧૮૧ મહિલા હેલ્પલાઈનમાં ફોન કરી મદદ માંગતા કેશોદ ૧૮૧ ટીમ ના કાઉન્સેલર ડાયબેન માવદીયા ટીમ સાથે તુરંત ઘટના સ્થળે પહોંચી હતી. મહિલાનુ કાઉન્સેલિંગ કરતા જાણવા મળ્યું હતું કે, મહિલા ના લગ્ન બાદ તેના પતિને કેફી દ્રવ્યોનું વ્યસન લાગતા મહિલા ઉપર શારીરિક અને માનસિક ત્રાસ આપતાં હતા. છેલ્લાં ત્રણ મહિનાથી મહિલા તેમના પિયર રીસામણે બેઠી હતી. મહિલાના પતિ પિયર આવવાના હોય ૧૮૧ અભયમનો સહારો લીધો હતો. તેથી સ્થળ પર મહિલાના પતિનુ કાઉન્સેલિંગ કરી કાયદાકીય માહિતી આપી હતી. મહિલાના પતિ ને આગેવાનોની હાજરીમાં બાળકોના ભવિષ્ય અંગે સમજણ આપી તથા પતિ પત્નીના મતભેદ દૂર કરી કુશળ કાઉન્સિલિંગ દ્વારા સ્થળ ઉપર જ નિરાકરણકારી સમાધાન કરાવી ત્રણ મહિનાથી તિરાડ પડેલ ઘર સંસારને ફરીથી જોડી ૧૮૧ ટીમ દ્વારા ઉમદા કામગીરી કરેલ હતી.

### સમન્સ મળ્યા બાદ યુવરાજસિંહની પ્રતિક્રિયા

## ભલે મને જેલમાં નાખી દો, હું સત્ય સાબિત કરીને બતાવીશ

અમદાવાદ, તા.૧૯

બિપીન ત્રિવેદી નામના શિક્ષક અને યુવા નેતા યુવરાજસિંહ જાડેજાના નજીકના ગણાતા વ્યક્તિ દ્વારા જ તેમના પર ડમી કાંડમાં નામ છૂપાવવાની શરતે ૧ કરોડ રૂપિયા લીધાનો આક્ષેપ મૂક્યો હતો. આ મામલે બિપીનની પોલીસે પૂછપરછ કર્યા બાદ યુવરાજસિંહને પણ તેડું આવ્યું છે. યુવરાજસિંહને ભાવનગર SOG દ્વારા સમન્સ પાઠવવામાં આવ્યું છે. યુવરાજસિંહે આજે પોલીસ સ્ટેશનમાં હાજર થવાનું છે. આ પહેલા તેમણે ટ્વિટ કરીને પોતાની વાત રજૂ કરી છે અને પોતે એક પણ રૂપિયો ના લીધાનું જણાવ્યું છે. યુવરાજે પોતાને મળે સમન્સ અંગે કટાક્ષ કરતા લખ્યું છે કે, ચાલો અધિકૃત રીતે ઘરે મામાનું તેડું આવી ગયું છે. ભાવેણાના જમાઈની સ્વાગતની તૈયારીઓ થઈ ચૂકી છે. યુવરાજસિંહે ટ્વિટ કરીને એક વીડિયો તથા પોતાને મળેલા સમન્સ શેર કર્યા છે. યુવરાજસિંહ જણાવે છે કે મેં એક જાગૃત નાગરિક તરીકે મારી પાસે જે પણ માહિતી હતી તે સામે ચાલીને તમને આપી છે. સિસ્ટમ સામે સવાલ ઉભો કરતા યુવરાજસિંહ કહે છે કે, હવે તમે જ મને આ મુદ્દામાં અંદર ઘૂસાડવા માગો છો.. હું સ્પષ્ટ પણ માનું છું કે તમે તો સરકાર છો, સત્તાધિશ છો.. દિવસને રાત અને રાતને દિવસ સાબિત કરો એવા સક્ષમ છો.. જનતા આંખ બંધ કરીને કદાચ તમારું માની પણ લેશે, તમે તમારી ટ્રોલ આર્મીને પણ પાછળ લગાડી દેશો. યુવરાજસિંહે પોલીસ સમક્ષ હાજર થતા પહેલા પોતાની વાત વીડિયોના માધ્યમથી સરકાર સામે આંગળી ચીંધીને ત્યાં સુધી કહી દીધું કે, પ્રતાડિત કરીને તમે કોઈની પાસે કંઈ પણ બોલાવી પણ લો.. પણ યાદ રાખજો કે એનાથી જે હકીક્ત છે એ હકીકત બદલાઈ જવાની નથી.. જે ખોટું છે એ ખોટું જ રહેવાનું છે. યુવરાજ વીડિયોમાં કહે છે કે હું તો ડંકાની ચોટ પર કહું છું કે મેં કોઈ પૈસા લીધા નથી.. આજે તમે ગમે તેવા આરોપ લગાવીને કંઈ પણ સાબિત કરો છો.. કરી શકો છો.. કદાચ મને જેલમાં પણ નાખી દો, પરંતુ હું સત્ય સાબિત કરીને બતાવીશ.. કોઈ પણ સંજોગે. યુવરાજને CRPC કલમ ૧૬૦ મુજબ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ નવાપરા પોલીસ ઈન્સ્પેકટરની કચેરી ભાવનગર દ્વારા સમન્સ પાઠવવામાં આવ્યું છે.

## પ્રવાસી કામદારોને પણ સરકારી યોજનાનો લાભ મળવો જોઈએ: સુપ્રીમ



નવી દિલ્હી, તા.૨૦

સુપ્રીમ કોર્ટે ગઈકાલે સ્થળાંતર કામદારોને લઈ એક મહત્વની વાત કીધી હતી. તેમણે કહ્યું હતું કે, કેન્દ્ર અને રાજય સરકારો સ્થળાંતર કામદારોને ફક્ત એ આધાર ઉપર રેશન કાર્ડ આપવાથી ના પાડી શકે નહિ કારણ કે તે રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ અંતર્ગત વસ્તીના રેશિયાથી બહાર છે. રાજય સરકારો સ્થળાંતર કામદારોને ફકત એ આધાર ઉપર રેશન કાર્ડ આપવાથી ના પાડી શકે નહિ કે તે રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ અંતર્ગત વસતીના રેશિયાથી બહાર છે જસ્ટિસ એમ આર શાહ અને ન્યાયમૂર્તિ અહસાનુદીન અમાનુલ્લાની ખંડપીઠે કહ્યું કે પ્રત્યેક નાગરિકને સરકારની કલ્યાણકારી યોજનાનો લાભ મળવો જોઈએ. ખંડપીઠે કહ્યું કે, એવું નથી કહી રહ્યા કે સરકાર તેની જવાબદારી નિભાવવામાં નિષ્ફળ રહી છે અથવા કલ્યાણકારી યોજનામાં કોઈ બેદરકારી દાખવે છે.સ્થળાંતર કામદારોને લઈને મહત્વની સુપ્રીમે વાત કરી તેમ છતાં કેટલાક લોકો છુટી જાય છે તો કેન્દ્ર અને રાજય સરકારોએ જોવું જોઈએ કે તેમને રેશન કાર્ડ મળી જાય. કોર્ટે કહ્યું કે, કેન્દ્ર સરકાર કે કોઈ રાજ્ય સરકાર એ આધાર પર રેશન કાર્ડ આપવાની ના કહી શકે નહિ કારણ કે રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ અંતર્ગત વસ્તીનો રેશિયો યોગ્ય રીતે રાખવામાં આવ્યો નથી.

## એનઆઈએ લંડનમાં ભારતીય હાઈકમિશન સામે પ્રદર્શનની તપાસ કરશે




નવી દિલ્હી, તા.૨૦

સેન્ટ્રલ ઈન્વેસ્ટિગેશન એજન્સી હવે લંડનમાં ભારતીય હાઈ કમિશનની સામે પ્રદર્શન કેસની તપાસ કરશે.

લંડન સ્થિત ભારતીય હાઈકમીશન સામે થયેલ વિરોધ પ્રદર્શન કેસમાં પાકિસ્તાની અને ખાલિસ્તાની સમર્થકો સાથે સંબંધિત ષડયંત્રના ઈનપુટ્સ મળ્યા છે, જેના પછી એનઆઈએએ દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ દ્વારા નોંધાયેલા કેસને પોતાના હાથે લીધો છે. અહેવાલના જણાવ્યા અનુસાર, એનઆઈએને કેસ નોંધવા માટે કેન્દ્રીય ગૃહ મંત્રાલય તરફથી લીલી ઝંડી મળી ગઈ છે. જો કે એનઆઈએ તરફથી હજુ સુધી આ મામલે કોઈ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું નથી. ૧૯ માર્ચે લંડનમાં ભારતીય હાઈ કમિશનની બહાર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન ત્રિરંગાનું પણ અપમાન થતું જોવા મળ્યું હતું. આ ઘટના પછી, ગૃહ મંત્રાલયના આદેશ પર, ૨૪ માર્ચે દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ દ્વારા ખાલિસ્તાની અને તેના સમર્થકો વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો હતો. એનઆઈએના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ મામલામાં પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી આઈએસઆઈ સહિત ખાલિસ્તાની આતંકવાદીઓની ભૂમિકા જોવા મળી રહી છે, જે બાદ કેન્દ્રીય ગૃહ મંત્રાલયે આ મામલે તપાસ માટે મંજૂરી આપી દીધી છે.

## પશ્ચિમ બંગાળના નાદિયામાં ભૂતની પૂજા કરવામાં આવે છે

નવી દિલ્હી, તા.૨૦

વૈશાખની પહેલી સવારથી જ પશ્ચિમ બંગાળના નાદિયામાં આવેલા ફૂલિયા તાલતલા ખાતે ભૂતને તેના વાસ્તવિક સ્વરૂપમાં જોવા માટે લોકો ઉમટી પડ્યા હતા. ફુલીયા તાલતલા અહીંના શાંતિપુર પોલીસ સ્ટેશન હેઠળ આવે છે. આ ગામની 'ભૂત પૂજા' જોવા માટે આજુબાજુના ગામોના લોકો પણ પહોંચે છે. અહીં યોજાતા મેળામાં શાંતિપુર, રાણાઘાટ, હબીબપુર અને ફૂલિયાના ઘણા લોકો એકઠા થાય છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, ૧૯૫૦ અને ૧૯૫૨ વચ્ચેના ભાગલા દરમિયાન પૂર્વ પાકિસ્તાનમાંથી ઘણા લોકો અહીં આવ્યા અને આ વિસ્તારમાં સ્થાયી થયા. આ 'ભૂતપૂજા' બાંગ્લાદેશમાં પણ ઉજવવામાં આવી હતી. વિભાજન વખતે જ્યારે આ લોકો ઘર છોડીને અહીં આવ્યા હતા, ત્યારે તેઓએ અહીં પણ 'ભૂતપૂજા'નું આયોજન કરવાનું શરૂ કર્યું હતું. પરંતુ સૂત્રોનું કહેવું છે કે બાંગ્લાદેશમાં હવે ભૂતપૂજાનો તહેવાર ઉજવવામાં આવતો નથી. સામાન્ય રીતે આ ભૂતપૂજા ચૈત્ર મહિનાની શરૂઆતમાં ઉજવવામાં આવે છે. સન્યાસીઓ શિવના મંત્રનો પાઠ કરતી વખતે પરિક્રમા કરે છે. 'ભુક્ત' જેમાં ચોખા, કઠોળ અને અન્ય અનાજ વગેરેનો સમાવેશ થાય છે, તે વિવિધ સ્થળોએથી એકત્રિત કરવામાં આવે છે અને દિવસના અંતે આ લોકો એક જગ્યાએ ભેગા થાય છે અને તેમાંથી ખોરાક ખાય છે.

## વાઘ બકરી ટી ગ્રુપ સતત બીજા વર્ષે ભારતની સૌથી વિશ્વસનીય ટી બ્રાન્ડ તરીકે પસંદગી પામી

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૦

વાઘ બકરી ટી ગ્રુપ ચાની શ્રેણીમાં સાતત્યપૂર્ણ કામગીરી દર્શાવતું રહ્યું છે. અદ્યતન બ્રાન્ડ ટ્રસ્ટ રિપોર્ટ અનુસાર વાઘ બકરીએ તેની શ્રેણીમાં સતત બે વર્ષથી સૌથી વિશ્વસનીય ટી બ્રાન્ડ તરીકે ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે. વાઘ બકરી ટી ગ્રુપે દર્શાવ્યું છે કે તેમણે પોતાનાં ગ્રાહકો સાથે ઘનિષ્ઠ અને દીર્ઘકાલીન સંબંધો સ્થાપિત કરવામાં સફળતા મેળવી છે.

આ સિદ્ધિ વિશે જણાવતા પરાગ દેસાઈ વાઘ બકરી ટી ગ્રુપના એક્ઝિક્યુટિવ ડાયેક્ટર કહે છે, એક બ્રાન્ડ તરીકે વાઘ બકરી ટી ગ્રુપમાં અમારા ગ્રાહકોને સર્વોત્તમ ગુણવત્તાની ચા પૂરી પાડવા અમે સતત પ્રયત્નશીલ રહીએ છીએ અને સતત બીજા વર્ષે સૌથી વિશ્વસનીય ટી બ્રાન્ડ તરીકેનું સન્માન મેળવવા બદલ અમે ગર્વ અનુભવીએ છીએ. આ સન્માન એક સદીથી વધુના અમારા વારસા અને અમારા ગ્રાહકોએ અમારામાં મુકેલા વિશ્વાસનું જ પ્રતીક છે. ઉત્કૃષ્ટતાના અમારા ધોરણોને વધુ ઊચ્ચ સ્તરે લઈ જવા અને અમારા માનવંતા ગ્રાહકોને ચા પીવાનો શ્રેષ્ઠ અનુભવ નિરંતર કરાવતા રહેવા અમે પ્રતિબદ્ધ અને પ્રયત્નશીલ રહીએ છીએ.

ટીઆરએ રિસર્ચ હંમેશાથી માનતું આવ્યું છે કે કોઈ પણ સફળ બ્રાન્ડ-કસ્ટમર રિલેશનશિપનો પાયો વિશ્વાસ ઉપર જ ચાય છે. આજની સ્પર્ધાત્મક માર્કેટમાં, જયાં ગ્રાહકોને અસંખ્ય પસંદગીઓ મળી રહે છે ત્યારે વિશ્વાસ ખરીદીના તેમનાં નિર્ણયને સાર્થક ઠેરવવામાં વધુ મહત્વનો બની રહે છે. કહે છે એન. ચંદ્રમૌલી, સીઈઓ, ટીઆરએ રિસર્ચ. પાવર ઓફ ટ્રસ્ટ હોલ્ડરના લાઈસન્સ ધારક તરીકે વાઘ બકરી દીર્ઘકાલીન અને ટકાઉ બ્રાન્ડ ઈમેજ ઊભી કરવામાં વિશ્વાસ કેટલો મહત્વનો છે એ સારી રીતે સમજે છે. તેમનાં માર્કેટિંગ કમ્યુનિકેશનમાં આ પ્રતીકનો વ્યૂહાત્મક ઉપયોગ પોતાનાં ગ્રાહકો સાથે જોડાવા અને બ્રાન્ડ લોયલ્ટી સ્થાપવા પાવર ઓફ ટ્રસ્ટમાં તેમની ગહન માન્યતાને પ્રતિબિંબિત કરે છે.




આ ગરમીના કારણે આજકાલ ઘરમાં પત્નીનો અને ઓફિસમાં બોસના મગજનો પારો ઉંચો રહે છે !

# સોમનાથમાં ચૈત્રી અમાસે માનવ મહેરામણ ઉમટયો

## પિતૃતર્પણ, શ્રાધ્ધ વિધિઓ, દાન પૂણ્ય અને પીપળે પાણી રેડવા સવારથી જ ભીડ





(મિનાક્ષી ભાસ્કર વૈદ્યદ્વારા)
પ્રભાસ પાટણ તા. ૨૦

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ પાવનકારી પિતૃતર્પણ તિર્થ ત્રિવેણી સંગમે ચૈત્ર માસની અમાસ અનો પિતૃઓનાં આર્શિવાદ કૃપા અનો શ્રાધ્ધ તર્પણ કરવાનાં અંતિમ દિવસ અમાસો વહેલી સવારથી જ પવિત્ર ત્રિવેણી સંગમ, ભાલકા તિર્થ, પ્રાચી, ગુપ્ત પ્રયાગ વિગેરે સ્થળોએ ભાવિકોનો સમુદાય ઉમટી રહયો છે. ભારતનાં કેટલાક તિર્થો માતૃ શ્રાધ્ધ માટે જયારે કેટલાક પિતૃ શ્રાધ્ધ માટે જાણીતાં છે. જયારે સોમનાથમાં આવેલ પવિત્ર ત્રિવેણી સંગમ તિર્થ સર્વ પિતૃઓનાં શ્રાધ્ધ માટે શાસ્ત્રમાં ઉત્તમ ગણાવાયેલ છે તેમ પ્રભાસ તિર્થનાં વિધ્વાન તિર્થ પંડીત માર્કંડભાઈ પાઠક કહે છે. આ તિર્થમાં ભગવાન શ્રી કૃષ્ણ, પાંડવો, રામ તેમજ અન્ય મહાનુભાવોએ ધાર્મિક શ્રાધ્ધવિધિ કરાવેલ હોવાની વાત જાણીતી છે. લોકો પવિત્ર ત્રિવેણી સંગમમાં ડુબકી લગાવી પૂણ્ય સ્નાન, પીપળે પાણી રેડવું, દાન દક્ષિણા દઈ પિતૃ કૃપા મેળવે છે. ગીર સોમનાથ પ્રાચી, ગુપ્તપ્રયાગ અને ભાલકા તિર્થ ખાતે પણ લોકો પીપળે પાણી રેડી પિતૃ વંદના અને ધાર્મિક પરંપરા વિધિઓ કરાવી રહયા છે.

પિતૃ શ્રાધ્ધનાં ખાસ મહિના ચૈત્ર, ભાદરવા અને કાર્તિક માસ તેમાં પણ ખાસ કરીને તેરસથી પૂનમ અને અમાસે બહુ જ મહત્વ રહેતું હોય છે.

## જૂનાગઢમાં રમઝાન માસમાં છ વર્ષના બાળકીની બંદગી



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૦

જૂનાગઢ, બકલા માર્કેટની પાસે રહેતા શાહીર આમદભાઈ પંજાની છ વર્ષની બાળકી સુરાફાએ ધોમધખતા તાપમાં રોજુ રાખ્યું હતું. માત્ર છ વર્ષની નાની ઉંમરે જૂનાગઢના સુરાફા શાહીરભાઈ પંજાએ ધોમધખતા તાપમાં રોજુ રાખી મોટી બંદગી કરી હતી. તેઓએ દેશમાં ભાઈચારો, અમન અને શાંતિ રહે તેની દુઆ કરી રમઝાન માસનો પેલું રોજુ પૂર્ણ કર્યું હતું. રમઝાનનો પહેલો રોજુ પૂર્ણ કરતા તમામ લોકોએ આ રોઝાદારોને મુબારક બાદ ધન્યવાદ આપી તેનો ઉત્સાહ વધાર્યો હતો.

## ૨૭માં રોઝે સાત વર્ષની બાળાએ પહેલું રોઝુ રાખ્યું



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૦

મુસ્લિમોનો પવિત્ર માસ રમજાન ચાલી રહ્યો છે ત્યારે ૨૭મું રોઝવે હરણી રોજુ તરીકેની માન્યતા લોકોમાં છે. ત્યારે જૂનાગઢની સાત વર્ષથી બાળા તહેરાબાનું તોસિફખાન પઠાણે પહેલું રોઝુ રાખીને ઈબાદત કરી હતી. હાલ ધગધગતા તાપમાં લોકો પાણી વગર ન રહી શકે તેવામાં સાત વર્ષની બાળાય અલ્લાહની ઈબાદત માટે રોઝુ રાખી અલ્લાની બંદગી કરી હતી. (તસ્વીર : અમ્માર બખાઈ)

## રવિવારે જૂનાગઢમાં ટેટ-૨ની પરીક્ષા યોજાશે

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૨૦

જૂનાગઢનાં જીલ્લા કલેકટર અનિલકુમાર રાણાવાસીયાનાં માર્ગદર્શન હેઠળ ટેટ-૨ની પરીક્ષાની તૈયારીઓ થઈ રહી છે. જીલ્લા શિક્ષણાધિકારી ભાવસિંહ વાઢેરે જણાવ્યું હતું કે આગામી તા. ૨૩ એપ્રીલને રવિવારનાં રોજ ટેટ-૨ની પરીક્ષા બપોરે ૩ થી ૫ કલાકે યોજાનાર છે. જૂનાગઢ કેન્દ્ર-૧માં ૩૦ બિલ્ડીંગોનાં ૨૯૨ બ્લોકમાં ૮૬૯૪ ઉમેદવારો પરીક્ષા આપશે. અને કલાસ-૧ અને કલાસ-૨ અધિકારીઓની પરીક્ષા સમયે બાજનજર રહેશે.

## બાળ રોજદારે રોજુ રાખ્યું



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૦

જૂનાગઢના મહમદ નિઝામ મુસ્તાકભાઈ ચૌહાણએ રમઝાનના પાક માહોલમાં પાંચ વર્ષની ઉંમરે સત્યાવીસ હરણી રોજુ રાખીને અલ્લાહ પાકપરવર દિગાર પાસે દિન દુનિયાની ખેરિયત, દેશની તરફથી અને સમાજમાં ભાઈચારાની દુઆ કરી મહમદ નિજામને માતા પિતા અને પરિવારજનોએ ખૂબ દુઆ સાથે રહેમતની બંદગી કરી હતી.

## બિલખા : રોજુ રાખી ખુદાની બંદગી કરી



(પ્રતિનિધિ દ્વારા)
બિલખા તા.૨૦

બીલખાના રહીશ મકવાણા રહીમભાઈ ઈબ્રાહીમભાઈ (નિવૃત્ત પોલીસ)ના પૌત્ર તથા મકવાણા સમીર રહીમભાઈના દીકરા નોમાન(ઉંમર ૬ વર્ષ) ૨૭નું રોજૂ રાખી અલ્લાહની બંદગી કરી હતી.

# બિલખા પીએસઆઈ ચુડાસમા દ્વારા આગામી પવિત્ર ઈદનાં તહેવાર નિમિત્તે આગેવાનોની બેઠક બોલાવવામાં આવી



(પ્રતિનિધિ દ્વારા) બિલખા તા. ૨૦

બિલખા પોલીસ સ્ટેશન ખાતે આગામી તા. ૨૨-૪-૨૩નાં રોજ આવનાર મુસ્લીમ સમાજનાં સૌથી મોટા અને પવિત્ર તહેવાર રમજાન ઈદની ઉજવણી કોમી એકતા સાથે થાય એવા હેતુથી એસપી કરણરાજ વાઘેલા તથા ડીવાયએસપી હિતેષ ધાંધલીયાની સુચના પ્રમાણે બિલખાનાં પીએસઆઈ ચુડાસમા તથા સ્ટાફ દ્વારા બિલખાનાં તમામ આગેવાનોની બેઠક બોલાવવામાં આવી હતી.

આ શાંતિ સમીતીની બેઠકમાં પીએસઆઈ ચુડાસમાએ તમામ આગેવાનોને આ પવિત્ર તહેવારની હિન્દુ-મુસ્લીમ ભાઈચારા સાથે ઉજવણી કરવામાં આવે તેવી અપીલ કરી હતી. તેમજ પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત જાળવવામાં આવશે તેની ખાત્રી આપી હતી. આ બેઠકમાં જીલ્લા પંચાયત સદસ્ય અનકભાઈ ભોજક, ઉપ સરપંચ સોયેબભાઈ ચોટલીયા, અનીલભાઈ સાબલપરા, મુસ્લીમ સમાજનાં પ્રમુખ આમદભાઈ સોઢા, ગફારભાઈ ચૌહાણ, રાજુભાઈ ચોટલીયા, કિશનભાઈ રીબડીયા, મહેશભાઈ ડોસાણી, ઈલ્યાસભાઈ કારવતર, સંજયભાઈ રાવલ, વિશાલભાઈ જાલા, ઘનશ્યામભાઈ પરમાર વિગેરે મોટી સંખ્યામાં આગેવાનો ઉપસ્થિત રહયા હતાં. અને ઉપસ્થિત તમામ આગેવાનોએ કોમી અખેલાસભર્યા વાતાવરણમાં તહેવારની ઉજવણી કરવામાં આવશે તેની ખાત્રી આપી હતી.

# માંગરોળમાં તંગદીલી ભર્યો માહોલ : ચુસ્ત બંદોબસ્ત

(નિલેશ રાજપરા દ્વારા)
માંગરોળ તા.૨૦

માંગરોળના કાજુ ફળીયા વિસ્તારમાં એક મકાનમાં કશુંક અજુગતું ચાલતું હોવાની શંકાએ મધરાતે એકત્ર થયેલા ટોળાંએ ભયનું વાતાવરણ સર્જી દીધું હતું. બોલાચાલી બાદ સ્થાનિકોએ એકત્ર થયેલા લોકોને ત્યાંથી ચાલી જવાનું કહેતા ટોળાએ પિતા, પુત્રો ઉપર હુમલો કર્યો હતો. બનાવ અંગે જાણ થતાં ડીવાયએસપી સહિતના પોલીસ કાફલાએ ઘટના સ્થળે દોડી જઈ ટોળાને વિખેર્યુ હતું. ઘટનાની ગંભીરતાને પારખી તાબડતોબ આજુબાજુના મથકો ઉપરથી પોલીસ બોલાવી લેવામાં આવી હતી. પ્રાપ્ત વિગતો મુજબ કાજુ ફળીયામાં રાત્રે એકાદ વાગ્યે કેટલાક અજાણ્યા શખ્સો કાયદો અને વ્યવસ્થાની ઐસી તૈસી કરી એક જુના મકાનની અગાસી પર ચઢી ગયા હતા. આ સમયે અહીંના રહેવાસીઓ જાગી જતાં તેઓએ આ મકાનમાં એક મહીલા અને ચાર યુવાનો અંદર ગયા છે એટલે મકાન ચેક કરવું છે તેમ જણાંવતા રહેવાસીઓએ પોલીસ સ્ટેશને ફોન કરી જાણ કરી હતી. પોલીસ આવી ટોળાંને વિખેરી ચાલ્યા ગયા હતા. ત્યારબાદ રાત્રીના ત્રણ વાગ્યે લાઈટ જતી રહેતા લોકોનો બુમાબુમ અને શોરબકોર થતાં ફળીયાના રહેવાસીઓ જોષી દવાખાના પાસે દોડી ગયા હતા. જ્યાં ૫૦ થી ૬૦ માણસોનું ટોળું એકત્ર થયું હતું. સ્થાનિકોએ આ ટોળાંને સમજાવી ઘરે જતા રહેવા કહ્યું હતું. દરમ્યાન ટોળામાંથી ઉશ્કેરાયેલા સાત થી આઠ શખ્સો ઝઘડો કરવા લાગ્યા હતા. એક યુવાને પોતાના મોબાઈલમાં વિડીયો ઉતારવાનું ચાલુ કરતાં તેનો મોબાઈલ આંચકી પછાડી દીધો હતો અને પિતા અને બે યુવાન પુત્રો પર પાઈપ, ઢીકા પાટુનો માર મારતાં પાંસળી, આંગળીઓમાં ઈજા પહોંચી હતી. ઝપાઝપીમાં સોનાનો એક ચેન પણ પડી ગયો હતો. બનાવ પગલે પોલીસ દોડી આવી હતી અને તંગ માહોલ વચ્ચે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી, કોમ્બિંગ હાથ ધર્યું હતું. બનાવ અંગે પુનિતભાઈ સિંધવાએ તનવીર સુમરા, સહેજાદ બેરા, આફતાફ તેમજ અન્ય સાત થી આઠ શખ્સોસામે ફરીયાદ નોંધાવી છે. બનાવે સમગ્ર શહેરમાં ભારે ચર્ચા જગાવી છે.

# જન્મ દિવસની સાર્થક ઉજવણી કરી યુવાનો માટે પ્રેરણાદાયક વિદ્યાર્થી સચિનભાઈ જોટવા



(નિલેશ રાજપરા દ્વારા)
માંગરોળ તા.૨૦

આજે તા.૨૦-૪-૨૩ના રોજ સચિનભાઈનો જન્મ દિવસ હોય અને આજે એમની ઉંમર વર્ષ ૨૨ પુર્ણ થાય છે. આજના આધુનિક યુગમાં લોકો જન્મદિવસની મોજમસ્તીને આંધળા ખર્ચાથી ઘણી જગ્યાએ ઉજવતા હોય છે, પરંતુ સચિનભાઈએ તેમના જન્મદિવસના દિવસે પોતાના દેહદાનનું સંકલ્પપત્ર ભરીને ઉજવ્યો છે. જે એક સમાજ માટે પ્રેરણા રૂપ પ્રસંગ છે. આજે જે પાશ્ચાત ઢબથી ઉજવાતા જન્મદિવસ અને બિજી બાજુ આ નાની ઉંમરમાં સંસ્કાર સભર જીવન સાથે દેહદાનના સંકલ્પનો નિર્ણય. ધન્ય વાદ છે સચિનભાઈ તમારા માતા-પિતાના સંસ્કારને હા યાદ રહે અગાઉ સચિનભાઈના દાદા રામભાઈ ભીમાભાઈ જોટવાનું નેત્રદાન પણ થયેલ છે. સચિનભાઈની વિદ્યાર્થી સમયથી જ પર્યાવરણ પ્રેમી, પક્ષી પ્રેમી તેમજ પક્ષીઓની સારવારમાં મહત્વની ભૂમિકા રહી છે. હાલ સચિનભાઈ વંથલી PGVCLમાં એપ્રેન્ટિસ તરીકે સેવારત છે અને આરેણા થી રોજ એસ.ટી. બસ દ્વારા અપડાઉન કરે છે. સચિનભાઈએ પોતાના પરિવારની હાજરીમાં દેહદાનનું સંકલ્પ પત્ર શિવમ્ ચક્ષુદાન - આરેણાને અર્પણ કર્યું છે.



# જૂનાગઢ મનપામાં નેતા વિપક્ષનું પદ છીનવી લેવાતા હોબાળો

## ભ્રષ્ટાચાર ખુલો પાડતા કિન્નાખોરી રાખી કાર્યવાહી કરી હોવાનો વિપક્ષનો આક્ષેપ






## બહુમતી ન હતી તો વિપક્ષનું પદ શું કામ આપ્યું ? અને આ પદ આપ્યું તો પાછુ શા માટે લઈ લેવાયું ? ઉઠતો સવાલ

જૂનાગઢ તા. ૨૦

જૂનાગઢ મહાનગરપાલિકાની જનરલ બોર્ડની બેઠક ગઈકાલે મળી હતી. આ બેઠકમાં ગુજરાત વિધાનસભાવાળી થઈ હતી. જૂનાગઢ મનપામાં પુરતુ સંખ્યાબળ નહી હોવાથી શાસક પક્ષ ભાજપ દ્વારા વિપક્ષનું પદ છીનવી લઈ અને સુવિધાઓ પણ રદ કરવામાં આવી છે. આ બનાવને પગલે એક તકે તો વિપક્ષ દ્વારા જનરલ બોર્ડમાંથી વોકઆઉટ કરી જઈ કમિશ્નર કચેરી સામે ધરણા પર બેસી વિરોધ દર્શાવ્યો હતો.

દરમ્યાન ૨૦૧૯ની સાલમાં કોર્પોરેશનની ચૂંટણી યોજાઈ હતી જેમાં શાસક પક્ષ ભાજપને સંપૂર્ણ બહુમતી મળી હતી. કોર્પોરેશનમાં કોંગ્રેસનાં ત્રણ સભ્યો અને એનસીપીનાં ત્રણ સભ્યો રહેલા છે. દરમ્યાન કોર્પોરેશનમાં વિપક્ષ તરીકે તેમજ વિપક્ષનાં નેતા તરીકે કોને પદ આપવું તે બાબતે અગાઉ વિખવાદ થયો હતો પરંતુ કોંગ્રેસ અને એનસીપીનાં સભ્યોએ સમજાવટ કરી લેતા વિપક્ષ તરીકે ચાલુ રહયા હતા અને વર્ષ જેવો સમયગાળો પણ પૂર્ણ થઈ ગયો છે એ દરમ્યાન અચાનક જ શાસક પક્ષ ભાજપ દ્વારા કોર્પોરેશનનું જનરલ બોર્ડ બોલાવવાનો નિર્ણય લીધો અને એકજ બાબત ઉપર એટલે કે, વિપક્ષનાં મુદા બાબતે ગઈકાલે સંખ્યાબળ ઓછું હોવાનું જણાવી અને વિપક્ષને મળતી સુવિધાઓ એકઝાટકે છીનવી લીધી છે. આ બનાવને પગલે વિપક્ષે વોકઆઉટ કર્યો હતો અને કમિશ્નર કચેરી સામે ધરણા ઉપર બેસી ગયા હતા. દરમ્યાન વિપક્ષી કોર્પોરેટર અબ્દ્રેમાન પંજાએ આક્ષેપ કરતા કહયું હતું કે, નરસિંહ મહેતા સરોવરમાં રૂા. ૨ કરોડની ધુળ પડી છે અને તેના બીલ પણ ચુકવાઈ ગયા છે ત્યારે ૨ કરોડની માટીની રોયલ્ટી ભરેલી ? કોઈ બીલ છે ? તેવા સવાલો અને રજુઆત સાથે આ કૌભાંડનો અમોએ ખુલ્લા પાડવાન પ્રયાસ કરતા અમારો અવાજ દબાવવા માટે વિપક્ષી પદ રદ કરી અને તમામ સવલતો પરત લઈ લીધી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે જૂનાગઢ મહાનગરપાલિકાનાં જનરલ બોર્ડમાં આમ જોવો તો વિરોધપક્ષ દ્વારા પ્રજાકીય મુદે શાસક પક્ષને અવારનવાર ઘેરવામાં આવતો હોય છે. વિપક્ષની સત્ય હકિકત અને પ્રજાલક્ષી રજુઆતો હોવા છતાં શાસકપક્ષ બહુમતીનાં જોરે ઠરાવો પસાર કરી દેતા હોવાનાં આક્ષેપો અવારનવાર થઈ રહયા છે. બીજી તરફ કોર્પોરેશનમાં વિવિધ કામોમાં ભ્રષ્ટાચાર પણ સતત થઈ રહયા હોવાનું આમ જનતા તો બોલે છે પરંતુ વિપક્ષ દ્વારા બોર્ડમાં લેખિત રજુઆતો પણ કરવામાં આવતી હોય છે પરંતુ સરવાળે પરીણામ શૂન્ય આવે છે. (તસ્વીર : અશોક પોપટ)

### આજે ચૈત્ર માસની પૂર્ણાહુતિ અને આવતીકાલથી વૈશાખનો પ્રારંભ, ૪૦ ડીગ્રીથી ઉપર તાપમાન વચ્ચે

# જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં ગરમીનો પ્રકોપ સાથે 'ઠંડા ઠંડા કુલ'ની મૌસમ શરૂ

## વૈશાખનાં વાયરા આગઝરતી ગરમી વચ્ચે ઠંડક મેળવવા શેરડીનો રસ, તરબુચ, સકકરટેટી, મોસંબી સહિતનાં ફળો અને કેન્ડી, આઈસ્ક્રીમ, ઠંડા પીણાની બોલબાલા...






**(જગદુશા ડી. નાગ્રેચા દ્વારા)**

જૂનાગઢ તા. ૨૦

જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રનાં વિવિધ શહેરોમાં તાપમાનનો પારો ૪૦ ડીગ્રી ઉપર જતો રહેતો હોવાનાં કારણે સખ્ત ગરમીનો અનુભવ લોકો કરી રહયા છે. આકાશમાંથી અગનગોળા અને દિવસ દરમ્યાન કાળજાળ ગરમી વચ્ચે જનજીવન ધબકી રહયું છે. આવા સંજોગોમાં રોજીંદા ખોરાકમાં લોકોએ ફેરફાર કરેલા છે. અને ગરમી સામે રાહત મેળવવા માટે એક તરફ ઈલેકટ્રીક ઉપકરણનો જોરશોરથી ઉપયોગ કરવામાં આવી રહયો છે. અને જેનો લઈને પીજીવીસીએલ અને જીઈબી તંત્રને ભારે તડાકો થઈ રહયો છે. લોકોનાં સરેરાશ બીલ આવતા હોય તેનાં કરતાં છેલ્લા ત્રણ માસનાં વિજ બીલમાં વધારો જોવા મળી રહયો છે. ગરમી સામે કાળજામાં ઠંડક મેળવવા માટે હાલ ઠંડા પીણાની મોસમ પુરબહારમાં ખીલી ઉઠી છે. અને જેને લઈને 'ઠંડા ઠંડા કુલ કુલ'ની મોસમ શરૂ થઈ ગઈ હોવાનું માની શકાય છે.

ચૈત્ર માસનો અંતિમ દિવસ એટલે કે ચૈત્ર વદ અમાસનો આજે દિવસ છે. ચોમાસાનાં ઋતુનાં આગમન પહેલા ચૈત્રનાં દનૈયા તપતા હોય છે. અને ત્યારબાદ વરસાદની મોસમ શરૂ થતી હોય છે. પરંતુ આ વર્ષે અવાર નવાર કમોસમી વરસાદનાં કારણે થોડો ઘણો ફેરફાર થવાની શકયતા છે. ચૈત્ર માસનો 'ધી એન્ડ' થયો છે અને આવતીકાલથી વૈશાખ સુદનો પ્રારંભ થઈ રહયો છે ત્યારે ચૈત્ર અને વૈશાખ આ બંને માસમાં ખાસ કરીને અવકાશમાંથી આકરો તાપ વરસતો હોય અને જનજીવન પ્રભાવિત બને છે. જોકે આ વખતે ચૈત્ર માસમાં હવામાનમાં થતા ફેરફાર, કમોસમી વરસાદને લઈને ઠંડકભર્યુ વાતાવરણ, સખ્ત ગરમી અને વાયરૂ ફુંકાવવા જેવા ત્રણ-ત્રણ ઋતુનાં અનુભવ જનજીવનને થયા છે. હવે જયારે આવતીકાલથી વૈશાખ માસનો પ્રારંભ થઈ રહયો છે ત્યારે વૈશાખ માસનાં આ સમય દરમ્યાન સખ્ત ગરમી અને ઉકળાટનું વાતાવરણ સર્જાવાની શકયતા છે. જૂનાગઢ કૃષિ વિભાગનાં હવામાન વિભાગનાં નિષ્ણાંત ધીમંત વઘાસીયાએ જણાવ્યું હતું કે તાપમાનનો પારો ૪૦ ડીગ્રી ઉપર સતત રહેવાનો છે અને જેને લઈને ગરમીનું પ્રમાણ રહેશે તેમ જણાવ્યું હતું. ઉનાળાનાં પ્રારંભ સાથે જ સામાન્ય રીતે લોકો ઠંડા પીણાનો આશરો લેતા હોય છે અને આ રીતે ગરમીની સામે રક્ષણ એટલે કે ઠંડક મેળવવા માટે જુદા જુદા ઉપાયો અજમાવતા હોય છે. શેરડીનો રસ, તરબુચ, સકકરટેટી, દ્રાક્ષ, આઈસ્કીમ, ઠંડા પીણાની માર્કેટમાં જબ્બર ઉછાળો આવતો હોય છે. આજે જૂનાગઢ શહેરનાં અનેક વિસ્તારોમાં તરબુચ વેંચાણ કેન્દ્રો, આઈસડીસ વેંચાણ કેન્દ્ર તેમજ શેરડીનાં રસનાં ચીચોડા ઠેક ઠેકાણે જોવા મળે છે અને લોકો રૂા. પાંચથી લઈ રૂા. ૫૦ સુધીનાં વિવિધ ઠંડા પીણાની ખરીદી કરી અને ગરમી સામે ઠંડક મેળવી અને તૃપ્તીનો ઓડકાર લેતા હોય છે. જૂનાગઢ સહિત રાજકોટ, અમદાવાદ, વડોદરા, સુરત, નડીયાદ સહિતનાં અનેક શહેરોમાં સખ્ત ગરમીનાં કારણે દિવસ દરમ્યાન કર્ફયુ જેવુ વાતાવરણ સર્જાતું હોય છે. સવારમાં ૧૦ વાગ્યાથી ૧૨ વાગ્યા સુધી રાબેતા મુજબ બજારોમાં ખરીદી અને ચહલપહલ રહેતી હોય છે. અને ત્યારબાદ સાંજનાં પાંચ વાગ્યા સુધી વિવિધ બજારોમાં સુમસામ વાતાવરણ શહેરોમાં ગરમીનાં કારણે થતું હોય છે. અને સાંજનાં પાંચ પછી લોકોની અવર જવર થતી હોય છે. અને મોડી રાત્રી સુધી ઠંડા પીણાની મોસમ ચાલતી હોય છે. ગરમીનાં આ સમયમાં લોકોને હળવો ખોરાક અને ખાસ કરીને ઠંડા પીણા ઉપર ભાર દેવામાં આવતો હોવાનાં કારણે ખાણી-પીણીની બજાર ઉપર તેની અસર જોવા મળી રહી છે. ઉનાળાનાં આ દિવસોમાં સખ્ત ગરમી અને ઉકળાટભર્યા વાતાવરણમાં ખાસ પ્રસંગો મોટાભાગે સાંજનાં સમયે અથવા તો રાત્રીનાં સમયે થતાં હોય છે. પાર્ટી પ્લોટ, ફાર્મ હાઉસ, પીકનીક સ્થળોએ રાત્રીનાં મોડે સુધી જમાવટ થતી હોય છે. ઉનાળાની આ સીઝન પુરી થવામાં એકથી દોઢ માસ જેવો સમય રહયો છે. અને આવતીકાલથી જ ઉનાળાની ગરમીનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ જવાનું છે. અને ઉલ્ટી ગણતરી મુજબ જેમ જેમ દિવસો પસાર થતા જશે તેમ તેમ અગન વર્ષા અને ગરમીનું પ્રમાણ વધી જવાનું હોય છે. દર વર્ષે ૧૫ જુન આસપાસ ચોમાસુ વિધિવત રીતે શરૂ થઈ જતું હોય છે. પરંતુ ગ્લોબલ વોર્નીંગની અસરને કારણે વરસાદી ચક્રને અસર પહોંચતી હોય છે. હુતાસણીની જવારા ચૈત્ર માસનાં દનૈયા બાદ ચોમાસા અંગેનો વરતારો કાઢનારા નિષ્ણાંતો દ્વારા હવે ટુંક સમયમાં વરસાદની આગાહી કરતાં વર્તારા જારી કરવામાં આવશે અને તેનાં ઉપરથી નિષ્ણાંતોનાં કથન મુજબ આ વર્ષે ચોમાસુ કેવું રહેશે તે અંગેની જાણકારી સામાન્ય જન જન સુધી પહોંચતી હોય છે. અને વરસાદની આગાહી માટેનું વર્ષા વિજ્ઞાન હોય છે. અને આ વર્ષા વિજ્ઞાનનાં જાણકારો દ્વારા વરસાદ અંગેની આગાહી મોટાભાગે સાચી પડતી હોય છે. ગુજરાતનાં જાણીતાં હવામાન વિભાગનાં આગાહીકારોની લગભગ આગાહીઓ સાચી પડે છે તેમ આમજનતાને પણ વિશ્વાસ છે.

## જૂનાગઢમાં સત્યમ સેવા યુવક મંડળ દ્વારા કાળવા ચોક ખાતે વિના મૂલ્યે છાશ કેન્દ્ર શરૂ કરાયું

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૦



જૂનાગઢની સેવાભાવી સંસ્થા સત્યમ સેવા યુવક મંડળ દ્વારા તારીખ ૧૮-૪-૨૦૨૩ના રોજ જૂનાગઢના કાળવા ચોક ખાતે દાતા ભાટુ પરિવાર તથા ખોડભાયા પરિવારના આર્થિક સહયોગથી દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉનાળાની કાળજાળ ગરમીમાં જૂનાગઢ શહેરમાં કાળવા ચોક ખાતે આવેલ સંસ્થાના પાણીના પરબ ખાતે છેલ્લા ૨૩ વર્ષથી દર ઉનાળામાં કાળવા ચોકમાં પસાર થતા રાહતદારીઓને ઠંડક મળી રહેએ માટે વિનામૂલ્યે છાશ કેન્દ્ર શરૂ કરવામાં આવેલ છે. જેનું ઉદ્ઘાટન બી.એ.પી.એસ સંસ્થાના કોઠારી સ્વામી શ્રી ધર્મ વિનયસ્વામી, લક્ષ્મણભાઈ ભાટુ તથા વિરમભાઈ ભાટુ તેમજ ડે. મેયર ગીરીશભાઈ કોટેચા વગેરેના હસ્તે કરવામાં આવેલ હતું. ઉપસ્થિત લોકોએ આ સેવા યજ્ઞને શુભેચ્છા પાઠવેલ હતી અને જ્યાં સુધી વરસાદ નહીં પડે ત્યાં સુધી આ છાશ કેન્દ્ર શરૂ રહેશે તેમજ બી.એ.પી.એસ સ્વામી નારાયણના મંદિરના કોઠારી પૂજ્ય શ્રી ધર્મ વિનય સ્વામી એ સંસ્થાને પ્રવૃત્તિઓ બિરદાવેલી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજા, અરવિંદભાઈ મારડિયા, બટુક બાપુ, શાંતાબેન બેસ, મનીષભાઈ લોઢીયા, પ્રવીણભાઈ જોશી, મનોજભાઈ સાવલિયા, કમલેશભાઈ ટાંક, ચંપકભાઈ જેઠવા વગેરે જહેમત ઉઠાવેલ હતી.

## જૂનાગઢમાં ૪૩,૯૧૦ના ગાંજા સાથે બે શખ્સને ઝડપી લેતી પોલીસ



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૦ : જૂનાગઢની કામદાર સોસાયટીમાં રહેતા રોહિત મનસુખભાઈ રાઠોડે પોતાના મકાનની અગાસીમાં ગેરકાયદેસર ગાંજાના છોડનું વાવેતર કર્યું છે. બાદમાં એસઓજી પીઆઈ એ.એમ. ગોહિલ, પીએસઆઈ વાય.પી હડિયા અને સ્ટાફે દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન જાણવા મળ્યું કે, રોહિત રાઠોડે મકાનની અગાસી પર પ્લાસ્ટિકના તગારા, ટબ, માટલા, પીવીસી પાઈપમાં માટી ભરી કુલ ૭ કુંડામાં ગાંજાના છોડનું વાવેતર કર્યું હતું. એસઓજી ટીમે વાવેલ ગાંજાના છોડ ૩.૩૪૪ કિલો ગ્રામ તેમજ સૂકા ગાંજાનો જથ્થો ૧.૦૪૭ કિલોગ્રામ મળી કુલ ૪.૩૯૧ કિલો ગ્રામ ગાંજો કિંમત ૪૩,૯૧૦, મોબાઈલ ફોન ૧ કિંમત ૫,૦૦૦નો મળી કુલ ૪૮,૯૧૦નો મુદ્દામાલ ઝડપી લીધો હતો. એસઓજીએ રોહિત રાઠોડ તેમજ દાહોદના દશરથસિંહને ઝડપી લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## બિલખામાં પાઈપ, તલવાર વડે હુમલો : સામ સામી ફરીયાદ

જૂનાગઢ તા. ૨૦

જૂનાગઢ જીલ્લાનાં બિલખા ગામે ગઈકાલે મારામારીનો એક બનાવ બન્યો હતો જેમાં તલવાર, પાઈપ, લાકડી વડે હુમલો થતાં સામ સામી ૮ વ્યકિતઓ સામે પોલીસ ફરીયાદ નોંધાઈ છે. આ બનાવ અંગે બિલખા પોલીસે આપેલી વિગત અનુસાર બિલખામાં ગૌરીશંકરવાળી શેરીમાં રહેતા વસીમ અમીનભાઈ સોઢા (ઉ.વ.૧૯)એ હારૂન સુલેમાનભાઈ માલવીયા, રાહીલ હારૂનભાઈ માલવીયા, ઈમરાન સતારભાઈ માલવીયા, રમીઝ રજાકભાઈ માલવીયા વિરૂધ્ધ એવી ફરીયાદ નોંધાવી છે કે, આ કામનાં ફરીયાદી તથા સાહેદો પોતાના ઘર પાસે બહાર ઉભેલ હોય અને આ કામનાં આરોપીઓ લોખંડનાં પાઈપ, તલવાર, લાકડી લઈ આવી ફરીયાદી તથા સાહેદોને ગાળો દઈ પાઈપ, તલવાર, લાકડી વડે હુમલો કરી ઈજા કરી અનો જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ પોલીસમાં નોંધાવેલ છે. જયારે સામા પક્ષે હારૂનભાઈ સુલેમાનભાઈ માલવીયા (ઉ.વ.૪૦)એ અમીન મુસા સોઢા, યુનુસ મુસા સોઢા, આરીફ ઈસ્માઈલ સોઢા, ફીરોઝ ઈસ્માઈલ સોઢા રહે. બિલખાવાળા વિરૂધ્ધ નોંધાવેલી ફરીયાદમાં જણાવેલ છે કે આ કામનાં આરોપીઓ ફરીયાદીનાં ઘર બહાર આવી કહેલ કે, તારા છોકરાને સમજાવી લેજે તેમ કહી ગાળો બોલી તેમજ ઢીકાપાટુનો માર મારી ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે બંને પક્ષોની ફરીયાદ નોંધી વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ કે. કે. સોલંકી ચલાવી રહયા છે.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૦૩૬૨

તમારુ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એક્સચેંજ ઓફર

LED TV રૂા. 6500* થી શરૂ

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

ઘરઘંટી ૯૫૦૦ થી શરૂ

MI-GL

બીના ઈલેક્ટ્રોનિક્સ

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ

જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



ૐ નેચર કયોર સેન્ટર

ડો. સી.ડી. ઓઝા (N.D.)

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બાસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮

નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨